Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ




પુ૦ ૩૦ મું.
ચૈત્ર.
અંક ૯ મો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૫૯
આત્મ સં. ૩૭
વિ. સં. ૧૯૮૯

મૂલ્ય રૂા. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ શ્રી વીર જયંતિ. ... ... ડૉ. ભગવાનદાસ મનસુખલાલ. ... ૧૯૫

૨ શ્રી જેસલમેર તીર્થ સ્તવન. ...આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી. ... ૧૯૮

૩ શ્રી તીર્થંકરચરિત્ર. ... ... મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ. ... ૨૦૦

૪ પરમાર્થ માર્ગમાં નડતા આઠ વિઘ્નો. ... ... ગાંધી. ... ૨૦૩

૫ અમારી પૂર્વદેશની યાત્રા.... ... મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ૨૦૬

૬ પ્રશ્નોમાં છુપાયેલા પ્રશ્નોત્તરો. ... વિનયકાંત મહેતા.... ... ૨૦૯

૭ વાડાનો દુરાગ્રહ કોને છે ?... ... ...મુનિશ્રી ચરણવિજયજી. ... ૨૧૦

૮ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.... ...વિઠ્ઠલદાસ મૂ૦ શાહ ... ૨૧૫

૯ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૨૧૮


## સમાલોચનાર્થે અમોને ભેટ મળતાં ગ્રંથોમાટે નવો પ્રબંધ.

કોઇપણ ગ્રંથ પ્રગટ થયા પછી તેના પ્રકાશક, લેખક કે કોઇપણ સંસ્થા તે ગ્રંથ જૈનના માસિક, કે અઠવાડિક પેપર ( વર્તમાન સમાચાર ) માં અભિપ્રાયાર્થે ભેટ મોકલાવે, તેની સમાલોચના જે અંકમાં આવે છે, તેની ભેટ મોકલનાર તે પ્રકાશક, લેખક કે સંસ્થાને કેટલીવખત દિવસો કે મહિનાઓ સુધી ખબર પડતી નથી અને કોઇ સ્નેહી તે આવેલા અભિપ્રાય માટે ધ્યાન ખેંચે ત્યારેજ તેમને માલમ પડે છે, એવું અમારા જાણવામાં આવ્યું છે; એ દૃષ્ટિએ અમોને ગ્રંથો ભેટ મોકલનાર પ્રકાશક, લેખક કે તે સંસ્થાની તે મુશ્કેલી દૂર કરવા અને સર્વ વાચકોની સાથેજ તે પણ જાણી શકે તે માટે જે ભેટની બુકની સમાલોચના **અમારા આત્માનંદ પ્રકાશ** માસિકના જે અંકમાં આવશે તે જ અંક તેમને તરતજ મોકલી આપીયે તો તે પુસ્તકનો અભિપ્રાય બીજા વાચકો સાથે તેઓને પણ જાણવાની તક મળે, તેમ ધારી સમાલોચના માટે ભેટ મોકલનારને તરતજ તે અંક મળી જાય તેવો પ્રબંધ અમે આ અંકથી ચાલુ કરેલ છે.

**( માસિક કમીટી. )**

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—“ आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य ” इति। आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने। एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते। ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते? विषयान्तरज्ञानमेवाज्ञानरूपं दुःखं छिन्द्यात्। नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण–श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३० } वीर सं. २४५९. चैत्र आत्म सं. ३७. { अंक ९ मो.

॥ ॐ ॥

## શ્રી વીર જયંતિ.

—:રત્નમાલા*:—

વીર જયંતિ આજ ઉજવીએ, વીર વિભુનો જય ગજવિએ,
વીર ગુણોનું સ્મરણ કરીએ, વીર ગુણોથી આત્મ ભરીએ;
ધન્ય દિવસ છે આજતણો આ, ધન્ય ઘડી છે આજ ગણો આ,
ધન્ય પિતા તે! જનની ધન્યા! ભારતની આ ધરણી ધન્યા!
... ... ... વીર જયંતિ૦ ૧
વીશ સ્થાનકનું સેવન કરીને, પૂર્વ ભવોમાં પુણ્ય ભરીને,
તીર્થપાત તે જે દિન જન્મ્યા, નારકીઓયે ક્ષણ સુખ પામ્યા;

* આ રત્નમાલા પ્રાચીન પણ સુંદર છંદ છે. ઉદાહરણો:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"દુઃખ મ થાઓ મુજ જનનીને," અંતર એવો ભાવ ધરીને,
યોગી સરિખા અચળ રહ્યા'તા, ગર્ભ મહીંયે જે જગત્રાતા.
... ... ... વીર જયંતિ૦ ૨

"મુજ વિયોગે માતપિતાને, બંધ મ થાઓ આર્ત્તધ્યાને,"
ભાવદયાથી જે ઉભરાયો, ગૃહસ્થિતિનો અભિગ્રહ ધાર્યો;
સર્વ સુરેંદ્રે સુરગિરિશૃંગે[1], ભાવ સુરંગે પૂર્ણ ઉમંગે,
જે જિનજીનો જન્મ ઉજવિયો, ભક્તિ ભરેથી આતમ ભરિયો,
... ... ... વીર જયંતિ૦ ૩

"કેમ પ્રભુ આ જલભર સ્હેશે ?" ચિન્ત્યું આ જ્યાં ચિત્ત સુરેશે,
શંકા હરવા જે જિનચંદ્રે, મેરૂ ચળાવ્યો અંગુલિ અગ્રે;
આમલકીની રમત રમંતાં, ભોરીંગથી સૌ ડિંભ ડરંતા,
ત્યારે તેને પકડી હાથે, ફેંકયો દૂરે જે વીરનાથે;
... ... ... વીર જયંતિ૦ ૪

જન્મ થકી ત્રિજ્ઞાન ધરંતા, સાગરગંભીરા ભગવંતા,
તોય નિશાળે બાલક કાળે, માતપિતાએ મૂકયા ત્યારે;
વિપ્ર સ્વરૂપે ઇંદ્રે આવી, જ્ઞાન મહત્તા જેની બતાવી-
"સર્વ ગુરૂનો ગુરૂવર છે આ, સૌ વિદ્યાનો સાગર છે આ"
... ... ... વીર જયંતિ૦ ૫

ભાવ યતિત્વે ભૂષિત થઇને, આતમ ધ્યાને તત્પર રહીને,
ત્રીશ વરષ જે જન્મવિરાગી, ગૃહસ્થિતિમાં સ્થિત વડભાગી;
વર્ષાવીને વાર્ષિક દાન, તૃણવત ત્યાગી રાજ્ય પ્રધાન,
લીધી પ્રવ્રજ્યા જે જિનચંદ્રે, સાવ વિરંજી જન્મ પ્રપંચે;
... ... ... વીર જયંતિ૦ ૬

[3]સોમ થકીયે સૌમ્ય વધારે, ભાનુ થકીયે તેજ વધારે;
ક્ષીરનિધિ શા ગંભીર ભારી, મેરૂ સરિખા સ્થિરતા ધારી;
સર્વ સહિષ્ણુ[4] પૃથ્વી સમાન, નિર્ભય જાણે કેસરી જાણ !
કૂર્મ[5] સારખા ઇંદ્રિય ગુપ્તા, [6]વિહગ જેવા સાવ વિમુક્તા;
... ... ... વીર જયંતિ૦ ૭

( * ) 'જં સુરસંઘા સાસુરસંઘા-૪૦- શ્રી અજિતશાંતિસ્તવ.

( * ) 'यस्य महर्षेः सकलपदार्थ ૪૦-શ્રીમાન્ સમંતભદ્રાચાર્યજીકૃત બૃહત્સ્વયંભૂસ્તોત્ર. આ એની વર્ણરચનામાં ભિન્નતા છે, રાગપદ્ધતિ એક છે.

( * ) 'દીવો રે દીવો મંગલિક દીવો'-એ કવચિત્ આ ઢબમાં ગવાય છે, પણ યથાર્થ રત્નમાળા નથી. 'જય જય આરતિ આદિ જિણંદા'

( * ) 'કહત કબીરા સુન ભાઇ સાધુ'-આ પણ કવચિત્ એ ઢબમાં ગવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરંજન તો શંખ સુરેખ, કમલદલો શા અમલ અલેપ,
સર્પ સમા એકાન્તિક દષ્ટિ, વિશ્વે કરવા કરુણાવૃષ્ટિ;
ભૂતલ વિહર્યા જે ભગવંતા, દ્વાદશ વર્ષો મૌન ભજંતા,
ઉપસર્ગો ને પરીષહ સહતાં, ઘોર તપસ્યા નિશદિન કરતાં;
(યુગ્મં) ... ... ... વીર જયંતિ૦ ૮

ચંદન ચર્ચક વંદક પ્રત્યે, ૭વાસિછેદક નિંદક પ્રત્યે,
ભવ મોક્ષે કે મિત્ર અમિત્રે, સમભાવી જે રહેતા નિત્યે;
સંગમમાંયે કરુણા આણી, અશ્રુથી જેની આંખ ભરાણી,
ચંડકોશીયે ક્રોધ ધમેલો, જેની સમીપે શાંત થયેલો;
... ... ... વીર જયંતિ૦ ૯

ઘાતિ ખપાવી કેવળ પામી, નિષ્કારણ રે! કરુણા આણી,
જગ જીવોને ઉદ્ધરવાને, ભવબંધનથી છોડવવાને;
ત્રીશ વરષ જે ભૂતલમાંહી, વિહર્યા ગ્રામાદિકમાં આંહી,
નિર્મલ મુક્તિમાર્ગ પ્રકાશ્યો, નિર્મલ સાચો બોધ પ્રસાર્યો;
... ... ... વીર જયંતિ૦ ૧૦

"સૌ જંતુને જીવન વ્હાલું, જેવું નિજ છે નિજને વ્હાલું,
સર્વે રક્ષો સર્વ જીવોને! આત્મ સમા સૌ આત્મ ગણોને"
જેણે એવો મંત્ર પ્રચાર્યો, સર્વ જીવોની વ્હારે ધાયો,
ધર્મ અહિંસા પરમ પ્રકાશ્યો, ભૂતદયાનો પટહ વગાડયો;
... ... ... વીર જયંતિ૦ ૧૧

એવા વીરના ગુણગણ સાર, કહેતા પામે કોણ જ પાર?
આંગળીએ કયો મેરુ તોલે? ભક્તો તોયે કાંઇક બોલે;
આપણ સર્વે વીર સંતાનો, એવા વીરના બાલક માનો,
એહ પિતાના પદમાં પડીએ! ચાલો આત્માને ઉદ્ધરીએ;
... ... ... વીર જયંતિ૦ ૧૨

વીરશાસનની શીતલ છાંયે, થઇએ સંગઠિત અત્રાયે!
મતભેદો ને ભેદો છોડી, વાડાઓના બંધન ત્રોડી;
તત્ત્વવિચારે અંતર જોડી, મિથ્યામતિ ને મત્સર મોડી,
ચાલો વીરનો જય જય કરીએ! આજ્ઞા ભગવાનની અનુસરીએ!
... ... ... વીર જયંતિ૦ ૧૩

અત્રે કરવામાં આવેલી કાવ્યરચના માત્રામેળ પ્રમાણે છે. (પ્રત્યેક ચરણે ૩૨ માત્રા.)

૧ મેરુશિખરે. ૨ બાલક. ૩ ચંદ્ર. ૪ પૃથ્વી જેમ સર્વ સહનારા, પરમ ક્ષમાવાન. ૫ કાચબો. ૬ પક્ષી. ૭ વાંસિથી છેડનાર. ( પા. ૧૯૬ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री जैसलमेर तीर्थ स्तवन.

( मेरी अरजी यह चाल )

जैसलमेर तीरथ को जुहार करो,
प्रभु वंदन पूजन ध्यान धरो—अंचली०

सिद्धाचलादि जैन तीरथ हैं जगत में जानिये,
वैसा ही तीरथ है यही यात्रा करी मन मानिये.
तारे तीरथ भविजन तीर्थ खरो—जैसल० १ ॥

है अपूरव तीर्थ जैसा जाने यात्रा जो करे,
बिन अनुभव जीव जगमें चारगति रुलता फिरें.
तीर्थ यात्रा से फूटे कर्म घरो—जैसल० २ ॥

हे प्रभुजी आप तीर्थंकर बने तीरथ करी,
मैं तुमारे तीर्थ में होकर फिरुं कैसे घरी.
अब तो जल्दी से बेड़ा पार करो—जैसल० ३ ॥

नव नवे हैं नव जिनालय माना नवपद पुंज है,
तत्त्व नव प्रभु ने प्रकासे मानो उनकी गुंज है.
ब्रह्मचर्य की शुभ नव वार धरो—जैसल० ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पार्श्व संभव शांति शीतल आदिनाथ सुहावनो,
चन्द्रप्रभ महावीर स्वामी अष्टापदजी पावनो.
श्रीसुपारसनाथ सनाथ करो—जैसल० ५ ॥

आठ मन्दिर है किले में आठ गुण सिद्ध मानिये,
आत्म गढ में गति अष्टमी मिलेगी दृढ जानिये.
कर्म आठ हरी भवसिंधु तरो—जैसल० ६ ॥

फलोदी से संघ आया संघपति पांचू खरा,
संघपति प्रभु आप होकर संघपति पांचू धरा.
जाने गूढ गीतारथ ज्ञानी वरो—जैसल० ७ ॥

अंक वसु निधि चंद्रसाले भोमवारे भेटिया,
वदि फाल्गुन चौथ को श्रीसंघने दुख मेटिया,
प्रभु तीरथ तीर्थपति सिमरो—जैसल० ८ ॥

आत्मलक्ष्मी नाथ प्रभुजी आत्म लक्ष्मी दीजिये,
तरण तारण विरुद अपना वह सफल कर लीजिये.
प्रभु वल्लभ संघ में हर्ष भरो—जैसल० ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ-
# શ્રીતીર્થંકરચરિત્ર.

### શ્રી જ્ઞાતાસૂત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૭૮ થી શરૂ. )

જલ્દી એક હજાર ને આઠ સોનાના કલશ યાવત્ માટીના. સિવાય કીમતિ **તીર્થંકરાભિષેકની** તૈયારી કરો. યાવત્....તૈયારી કરે છે.

તે કાલે અને તે સમયે અસુરપતિ ચમરેંદ્ર યાવત્....અચ્યુત ઇંદ્ર આવ્યા.

ત્યારે શક્ર દેવેંદ્ર દેવરાજ આભિયોગિક દેવોને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે-જલ્દી એક હજાર ને આઠ સોનાના કલશ યાવત્....બીજું તે વિશાળ પ્રમાણમાં તૈયાર કરો. યાવત્....તૈયાર કરે છે. તેના કલશો પૂર્વોક્ત રાજાના કળશોમાં સંક્રમી ગયા.

ત્યારબાદ તે શક્ર દેવેંદ્ર દેવરાજ તથા કુંભરાજા મલ્લિ અરિહંતને સિંહાસનમાં પૂર્વાભિમુખ બેસારે છે. એક હજાર ને આઠ સોનાના કળશોવડે યાવત્....**અભિષેક** કરે છે.

ત્યારે **મલ્લિનાથ ભગવાનના અભિષેક** વખતે કેટલાએક દેવો મિથિલા નગરમાં તથા બહાર સર્વ રીતે ચારે બાજુ દોડે છે ( આવ-જા કરે છે )

ત્યારે કુંભરાજા બીજી વાર ઉત્તરાવક્રમણ યાવત્...સર્વ અલંકારોથી સુશોભિત બનાવે છે, કરીને કૌટુંબિક પુરૂષોને બોલાવે છે. આ પ્રમાણે કહે છે-જલ્દી મનોરમા **શિબિકાને** તૈયાર કરો. તેઓ તૈયાર કરે છે.

ત્યારે શક્ર દેવેંદ્ર દેવરાજ આભિયોગિક દેવોને બોલાવે છે. કહે છે-જલ્દી અનેક થાંભલાવાળી યાવત્...મનોરમા શિબિકાને તૈયાર કરો. યાવત્...તે શિબિકા પણ રાજશિબિકામાં સંક્રમી.

ત્યારબાદ મલ્લિનાથ અરિહંત સિંહાસનથી ઉઠે છે, ઉઠીને જ્યાં **મનોરમા શિબિકા** છે ત્યાં આવે છે, આવીને મનોરમા શિબિકાને દક્ષિણ બાજુ કરી ( અનુકૂળ કરી ) મનોરમા શિબિકાની ઉપર ચડે છે. ચડીને સિંહાસનપર પૂર્વાભિમુખ બેઠા.

ત્યારબાદ કુંભરાજા અઢાર શ્રેણી-પ્રશ્રેણીને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે-હે દેવાનુપ્રિયો ! તમો ન્હાઈ યાવત્...સર્વ અલંકારોથી બનીઠની મલ્લિની શિબિકાને ઉઠાવો, યાવત્....ઉઠાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે શક્ર દેવેંદ્ર દેવરાજ મનોરમાની દક્ષિણની ઉપરની બાહા **પકડે** છે (ઉઠાવે છે), ઈશાનેંદ્ર ઉત્તરની ઉપલી બાહાને પકડે છે, ચમરેંદ્ર દક્ષિણની નીચલી બાહાને ઉઠાવે છે, બલીંદ્ર ઉત્તરની નીચલી બાહાને ઉઠાવે છે **અને** બીજા દેવો અનુકૂળતા પ્રમાણે મનોરમા શિબિકાને ઉઠાવે છે.

ગાથા-શિબિકાને પ્રારંભમાં હર્ષિત રૂંવાડાવાળા મનુષ્યો ઉપાડે છે, બાદમાં અસુરેંદ્ર, સુરેંદ્ર અને નાગેંદ્રો ઉઠાવે છે. (૧) ચલાયમાન ચપલ કુંડલને ધારણ કરનાર ઇચ્છાનુસાર વિકુર્વેલ ભૂષણવાળા દેવેંદ્રો અને દાનવેંદ્રો તીર્થંકર પાલખીને વહે છે (૨)

ત્યારે મનોરમા શિબિકામાં બેઠેલ મલ્લિનાથ અરિહંતને આ **અષ્ટમાંગલિકો** પ્રથમ ચાલે છે. અનુક્રમે. એ રીતે **જમાલી**નો (ભગવતીસૂત્રનો) પાઠ કહેવો.

ત્યારબાદ મલ્લિનાથ અરિહંતના દીક્ષા ઉત્સવમાં કેટલાએક દેવો મિથિલાનગરીને સાફ કરે છે, યાવત્....અંદર વર્ષા અને વિધિની ગાથાઓ પ્રમાણે યાવત્.... દોડે છે.

ત્યારબાદ મલ્લિનાથ અરિહંત જ્યાં **સહસ્રામ્ર** વન છે, જ્યાં શ્રેષ્ઠ **અશોક વૃક્ષ** છે, ત્યાં આવે છે, શિબિકાથી નીચે ઉતરે છે, આભરણ તથા અલંકારો પ્રભાવતી લ્યે છે. ત્યારબાદ મલ્લિ અરિહંત સ્વયમેવ **પંચમુષ્ટિક લોચ** કરે છે જ્યારે શક્ર દેવેંદ્ર દેવરાજ મલ્લિના વાળોને ગ્રહણ કરે છે, જેને તે ક્ષીરોદક સમુદ્રમાં પધરાવે છે.

ત્યારે મલ્લિ અરિહંત **સિધ્ધોને નમસ્કાર** હો એમ કહી **સામાયિક** ચારિત્રને સ્વીકારે છે.

જે વખતે મલ્લિ અરિહંતે ચારિત્રનો સ્વીકાર કર્યો તે સમયે ઇંદ્રના વચનથી દેવોના શબ્દ મનુષ્યોનો અવાજ વાદીંત્રનો નાદ અને ગીત-વાદ્યના સુરો શાંત કરવામાં આવ્યા હતા.

જે સમયે મલ્લિ અરિહંતે સામાયિક ચારિત્ર લીધું તે સમયે મલ્લિ અરિહંતને માનવી ધર્મમાં શ્રેષ્ઠ **મનઃપર્યવજ્ઞાન** ઉપજ્યું.

મલ્લિનાથ ભગવાન્ જે હેમંતૠતુનો બીજો મહિનો, ચોથો પક્ષ, **પોષ** શુક્લ તે પોષ શુદિ ૧૧ દિવસે * પૂર્વાન્હકાળ સમયે પાણીરહિત અઠ્ઠમ ભક્તમાં અશ્વિની નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવતા ત્રણ સો સ્ત્રીઓની **અભ્યંતર** પર્ષદા સાથે ત્રણસો પુરૂષોની બાહ્ય પર્ષદા સાથે મુંડ થઇ પ્રવ્રજિત બન્યા.

મલ્લિનાથ ભગવાનની પાછળ (સાથે) આ આઠ રાજકુમારોએ દીક્ષા

* મલ્લિનાથ ભગવાનનું દીક્ષા કલ્યાણક માગશર શુદિ ૧૧ તિથિએ મનાય છે, જે આવશ્યક સૂત્ર પ્રમાણે છે. (મા. શુ. ૧૧ તિથિએ અશ્વિની નક્ષત્ર વધારે સંભવિત છે).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધી. તેના નામો–નંદ, મિત્ર, સુમિત્ર, બળમિત્ર, ભાનુમિત્ર અમરવતિ, અમરસેન અને મહસેન (ગાથા-૧) ત્યારે ભુવનપતિ વ્યંતર–જ્યોતિષ્ક, તથા વૈમાનિક દેવો મલ્લીનાથ અરિહંતનો દીક્ષા મહિમા (નિષ્ક્રમણોત્સવ) કરે છે, કરીને જ્યાં શ્રેષ્ઠ **નંદીશ્વર** દ્વીપ છે ત્યાં **અઠ્ઠાઇ મહોત્સવ** કરે છે. કરીને યાવત....જાય છે.

ત્યારબાદ મલ્લિઅરિહંત જે દિવસે દીક્ષિત થયા તે જ દિવસના પાછલા ભાગમાં* અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલા પટ્ટમાં શ્રેષ્ઠ સુખાસનમાં હોતા શુભ પરિણામે પ્રશસ્ત અધ્યવસાયોએ પ્રશસ્ત લેશ્યાઓએ વિશુદ્ધતર લેશ્યાઓવડે તે આવરણવાળા કર્મ–રજને સાફ કરનાર અપૂર્વકરણ (આઠમું ગુણસ્થાનક) માં પ્રવેશીને અનંત યાવત્.......**કેવળજ્ઞાન–કેવલદર્શન** પામ્યા. (સૂત્ર ૭૭)

તે કાળે અને તે સમયે સર્વ દેવોના આસનો ચાલે છે. **અરિહંત** સમોસરે છે, દેવો ઉપદેશ સુણે છે, **અષ્ટાન્હિક મહોત્સવ માટે નંદીશ્વર**માં પહોંચે છે. જે દિશાએથી આવ્યા હતા તે દિશાએ પાછા જાય છે. કુંભરાજા પણ નીકળે છે.

ત્યારે તે જિતશત્રુ વિગેરે છએ રાજાઓ મોટા પુત્રને રાજ્યપર બેસારી હજારો આદમીથી ઉપડાતી શિબિકામાં ચડીને સર્વ ઋદ્ધિથી જ્યાં મલ્લિ અરિહંત છે ત્યાં આવે છે. યાવત........પર્યુપાસના કરે છે. ત્યારે મલ્લિ અરિહંત તે મહાપરિષદ્‌માં કુંભરાજાને તથા તે **જિતશત્રુ** વિગેરેને ધર્મ કહે છે. પરિષદ્ જે તરફથી આવી હતી તે તરફ ચાલી ગઇ. **કુંભરાજા શ્રમણોપાસક** થયા, સ્વીકાર કર્યો. **પ્રભાવતી** પણ શ્રાવિકા બની

ત્યારબાદ **જિતશત્રુ** પ્રમુખ છએ રાજાઓ ધર્મ સાંભળીને હે ભગવન્! એમ કહેતા **દીક્ષિત** બન્યા. **ચૌદપૂર્વી** બની અનંત **કેવળજ્ઞાનદર્શન** સાધી **સિદ્ધ** થયા.

ત્યારબાદ મલ્લિ અરિહંત સહસ્રાામ્રવનથી નીકળે છે, નીકળીને બહારની ભૂમિમાં (દેશોમાં) વિહાર કરે છે.

મલ્લિનાથ ભગવાનને **ભિષગ્** વિગેરે ૧૮ ગણો અને ૧૮ **ગણધરો** હતા. મલ્લિનાથ અરિહંતને ૪૦૦૦૦ **શ્રમણો**ની ઉત્કૃષ્ટ સંપદા હતી, **બંધુમતિ** વિગેરે ૫૫૦૦૦ સાધ્વીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી, શ્રાવકોની ૧૮૪૦૦૦ ઉત્કૃષ્ટ સંપદા, શ્રાવિકાઓની ૩૬૫૦૦૦ ની ઉત્કૃષ્ટ સંપદા હતી. ૬૦૦ ચૌદપૂર્વીઓ ૨૦૦૦ અવધિ+જ્ઞાની, ૩૨૦૦ કેવલજ્ઞાનીઓ, ૩૫૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૮૦૦ મનઃપર્યવજ્ઞાની, ૧૪૦૦ વાદી, ૨૦૦૦ અનૂત્તરોપપાતિક મુનિઓ હતા. (અપૂર્ણ)

* આવશ્યક સૂત્રમાં મલ્લિનાથ ભગવાનનો કેવળજ્ઞાન કાળ માગશર માસમાં દિવસના પૂર્વ ભાગમાં સૂચવેલ છે અને અહોરાત્રિનો છદ્મસ્થ પર્યાય દેખાડેલ છે. —ટીકાકાર

+ સમવાયાંગસૂત્રમાં ૫૯૦૦ અવધિજ્ઞાનીઓ લખ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરમાર્થ માર્ગમાં નડતા આઠ વિઘ્નો.

પરમાર્થ પથના પથિકે એક એક પગલું સંભાળીને ચાલવું જોઇએ. આ માર્ગમાં અનેક વિઘ્નો છે, પરંતુ તેમાંથી મુખ્ય આઠ વિઘ્નોના સંબંધમાં કાંઇ આલોચના કરીએ છીએ. તે આઠ પ્રકાર ૧ આલસ્ય, ૨ વિલાસિતા, ૩ પ્રસિદ્ધિ ૪ માન-બડાઇ, ૫ ગુરૂપણું, ૬ બાહ્યદેખાવ, ૭ પરદોષચિન્તન અને ૮ સાંસારિક કાર્યોની અત્યંત અધિકતા એ છે.

**આલસ્ય**—આળસી મનુષ્યનું જીવન તમોમય રહે છે. તે કોઇપણ કાર્ય પરિપૂર્ણ કરી શકનો નથી અને તે રીતે જ જીવનના દિવસો તેના પુરા થાય છે. તે મનુષ્ય પરમાર્થની વાત સાંભળે છે, સંભળાવે છે, તેને તે સારી પણ લાગે છે પરંતુ પ્રમાદ તેને સાધવામાં તત્પર થવા દેતો નથી. શ્રદ્ધાવાન પુરૂષ પણ આળસના કારણથી ઉદ્દેશ-સિદ્ધિ તક પહોંચી શકતો નથી, તેટલા માટે શ્રદ્ધાસાથે તત્પરતાની આવશ્યકતા શાસ્ત્રોએ બતાવી છે. આળસ સદા એ ભાવના ઉત્પન્ન કરે છે કે ફીકર શું છે? પછી તે કરી લેશું. કદાચ તે મનુષ્યના મનમાં કાંઇ કરવાની ભાવના ઉત્પન્ન થાય છે કે તે જ વખતે પ્રમાદ, તન્દ્રા, આલસ્યાદિ તેના સ્વરૂપમાં આવી તેને ઘેરી લે છે જેથી પરમાર્થ માર્ગમાં વિચરનારે તેનો કોઇપણ પ્રકારે નાશ કરવો જોઇએ.

**વિલાસિતા**—વિલાસી પુરૂષોને મોજશોખના સાધનોનો ઉપયોગ કરવામાંથી ફુરસદ મળતી નથી જેથી તે સાધન કેવી રીતે કરી શકે? કદાપિ કોઇ વખત મહાત્માનો સંગ કરે છે જે વખતે ક્ષણભર તો એવી ઇચ્છા થાય છે કે હું ભજન કરૂં, પરંતુ વિલાસિતા તેને તેમ કરવા દેતી નથી. મોજશોખના સામાન ખરીદવા અને તેનું મૂલ્ય ચૂકાવતાં અન્યાય અને અસત્યની પરવા નહિં કરતાં ધન કમાવાના કામમાં જ તેનું જીવન નિરંતર વિતે છે. વિલાસના સાધન ખરીદવામાં આવશ્યક કે અનાવશ્યકનું ધ્યાન છોડીને જ્યાં જ્યાં તેવી ચીજો દેખે તે ખરીદી લે છે, જેથી નથી પરવા કરતાં રૂપીયાની કે અન્ય પ્રકારના પરિણામની. રાતદિન વિલાસ અને મોજશોખની સુંદરમાં-સુંદર ચીજોનો તે ગ્રાહક હોવાથી તેની જ ચિંતામાં રાતદિવસ લાગી જતો હોવાથી વૈરાગ્ય તો તેની પાસે આવે જ શી રીતે? આવા મનુષ્યો કરોડપતિ જેવા હોય છે તે કંગાળ થઇ ગયા પણ દેખાય છે અને અર્થકષ્ટની સાથેની આદતથી પ્રતિકૂળ સ્થિતિમાં રહેવામાં બાધ્ય હોવાના એક મહાન કષ્ટ તેમને વિશેષ રૂપમાં ભોગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વવું પડે છે. જે મનુષ્ય માત્ર ભગવત પ્રાપ્તિને ચાહે છે પરંતુ વૈરાગ્યને ચાહતો નથી અને સાદું જીવન વિતાવવા સંકોચનો અનુભવ કરે છે તે ભગવત પ્રાપ્તિના માર્ગપર અગ્રેસર થઇ શકતો નથી; પરંતુ તેવા મનુષ્યો વિલાસિતાનો ભાવ જો પોતાના મનમાં આવે કે તો તુરત કાઢી નાંખે તો વધતું જતું વિલાસીપણું અડચણ ન કરે તેટલા માટે તેમણે વિશેષ સાવધાન રહેવું જોઇએ. વિલાસી–પુરૂષોનો સંગ કરવો અથવા તેની આસપાસ રહેવું તે પણ વિલાસીપણામાં ફસાવવાવાળું છે, તેટલા માટે વિલાસ કે વિલાસીપણાને શત્રુ સમજી તેનો સર્વથા નાશ કરવા સર્વ બાબતોમાં સાદાઇપણાનું આચરણ કરવું જોઇએ. વિલાસી-પણામાં અનેક હાનિ આવે છે છતાં ૧ ધનનો નાશ, ૨ આરોગ્યતાનો નાશ, ૩ આયુનો નાશ, ૪ સાદાઇના સુખનો નાશ, ૫ દેશના લાભોનો નાશ, ૬ ધર્મનો નાશ, ૭ સત્યનો નાશ, ૮ વૈરાગ્યનો નાશ, ૯ ભક્તિનો નાશ અને ૧૦ જ્ઞાનનો નાશ : આ દશનો ક્ષય મુખ્ય છે.

**પ્રસિદ્ધિઃ**—સંસારમાં ખ્યાતિ છે કે જે પરમાર્થ સાધન માર્ગનું એ એક મોટું વિઘ્ન છે. ભગવત પ્રેમ સાધતા આત્મકલ્યાણ ઇચ્છનારે–કરનારે બહુ જ છાનું રહેવું જોઇએ; નહિં તો તેની પ્રસિદ્ધ થતાં ચારેબાજુથી લોકો તેને પોતાના કરવા અનેક પ્રયત્નો કરે છે જેથી તેમ છતાં સાધકને સાધના કરવા માટેનો સમય મળવો પ્રાંતે કઠણ થઇ પડે છે. જીવનની અંતર્મુખી વૃત્તિ બહિર્મુખી થઇ પડે છે અને છેવટે બહિરાત્મા થવું પડે છે. પોતાની ખ્યાતિ વિશેષ વિશેષ થવા માટે ધર્મ અને તેના ક્રિયાકાંડ એવા કરી બતાવે છે, ધર્મ માર્ગે પૈસા એવી રીતે વાપરે છે કે લોકો પોતાના માટે વાહ વાહ કેમ બોલે ? આ ઇચ્છાવાળા દંભી જ ગણાય. લોકોને ઉપદેશ પણ તે હેતુએ એવો આપે છે અને પાઠ એવો ભણાવે છે કે બીજા કરતાં પોતે સંસારથી ન્યારો જ છે, પરંતુ તેમના તેવા યશમાં ખામી આવતાં હૃદયજ્વાલા કાંતો ભભૂકી ઉઠે છે કાંતો તેની આડે આવનાર કે તેને નહિં સંમત થનારને એક બીજી રીતે મીઠાશભરેલી રીતે નિંદે છે કે નુકશાન કરે છે. દુનિયામાં એવી સફાઇથી વર્ષોના વર્ષો સુધી તેવી રીતે ખ્યાતિ મેળવવા પ્રયત્ન કરે છે કે પુન્ય ખસતાં પોલો જણાઇ આવે છે. પ્રસિદ્ધિમાં પ્રિયભાવ ઉત્પન્ન થવાના કારણે તેને તે સદા વધારવા ચાહે છે જેથી દિવસાનુદિવસ અધિકાધિક લોકો સાથેનો પરિચય પ્રાપ્ત કરી લેતો જાય છે પછી અસલનું સાધક સ્વરૂપ રહેતું નથી. અને પ્રસિદ્ધિ કાયમ રાખી લેવાથી તે દંભ કરવો શરૂ કરી દે છે અને તેમ થતાં નિરંતર તે જ માટે આર્તધ્યાન થતાં નવા નવા ઢોંગ રચ્યા કરે છે. પછી તેમનું જીવન કપટ, દુઃખ અને સંતાપનું ઘર બની જાય છે. આ સંસારમાં આવી રીતે જે સાધકની પ્રસિદ્ધિ નથી થઇ અને સારધાર રહેલ છે તેને મહા ભાગ્યવાન સમજવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૪ માન-બડાઇ**—આ મીઠી છરી છે, દેખવાથી બહુ જ મનોહર લાગે છે પરંતુ સાધન-જીવનને નષ્ટ કરી દે છે. સંસારમાં ઘણા મોટા પુરૂષોના બહુ જ મોટા મોટા કાર્યો માન-બડાઇના મૂલ્ય પર વેચાઇ જાય છે. અસલ ફલ ઉત્પન્ન કરવા પહેલાં તે સર્વ માન-બડાઇના પ્રવાહમાં વહી જાય છે. બડાઇ મીઠી લાગી કે સાધન-પથનું પતન શરૂ થયું સમજવું અને આગલ ચાલતા પછી સર્વે કાર્યો બડાઇને લીધેજ થયા કરે છે. અસલી ફલ ઉત્પન્ન કરતાં પહેલા તે તમામ માન-બડાઇના પ્રવાહમાં ચાલ્યો જાય છે. માનની અપેક્ષાએ બડાઇ અધિક પ્રિય માલુમ પડે છે. મોટાઇ પ્રાપ્ત થવાથી મનુષ્ય માનને જરા દૂર કરી દે છે. લોકો પ્રશંસા કરે તેથી માન છોડી સર્વથી નીચે બેસી જાય છે. કદાચ માનપત્ર આપનાર મળે તો મોટાઇ દેખાડવા પ્રથમ ના પાડે, અને અન્ય દ્વારા પ્રયત્ન કરાવી પ્રાપ્ત કરે છે. બડાઇ મીઠી લાગી કે પતન થયું સમજવું. વૃદ્ધાવસ્થા થઇ હોય, હૃદય, મગજ, શરીર, ઇંદ્રિયો બરાબર કામ ન કરી શકે છતાં જ્યાં ત્યાં મોટાઈ માટે માથું માર્યા કરે છતાં લોકોને તો કહે કે આપણે તો બધું છોડી દીધું છે. એટલું જ નહિ પણ મોટાઇની અપેક્ષાથી જ સર્વ કામો થયા કરે અને કરે. જ્યાં કોઇ કારણથી પરમાર્થ સાધનમાં રહેનાર મનુષ્યોની કોઇપણ કારણે નિંદા થવા લાગે ત્યાં આ ભાઇશ્રી તેને છોડી જે કાર્યોમાં મોટાઇ થતી હોય, જ્યાં જે પક્ષ વખાણ કરે, જ્યાં માન મળે ખ્યાતિ મળે ત્યાં તેનામાં લાગી જાય. પછી ધર્મીપણું રહે કે નહિં, અથવા ભૂતકાળમાં પોતાના વિચાર, વાણી કે કલમવડે શું વર્તન, પ્રકૃતિ, હિલચાલ કે ભાષણલખાણ, ઉપદેશ હતો અને આજ શું થાય છે શું લખાય, બોલાય છે તેનું પણ તેને લઇને ભાન ભૂલી જાય છે. જેથી મનુષ્યે આવી જાતની માન-બડાઇ-મોટાઇની ઇચ્છાનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. કારણ કે આ વાસના બહુ જ બુરી છે. આખા જીવનનું ધર્મ, જ્ઞાન, ક્રિયાના ફળને લુલુ બનાવી દે છે અને વખતે નષ્ટ કરી દે છે. માલુમ પડે છે કે કદાચ જરા પણ નિંદા જો થવા માંડે તો તે અપ્રિય લાગે છે અને મોટાઇ સાંભળવામાં આવતાં સંતોષ પ્રાપ્ત થાય છે અને આનંદની લહરી હોઠપર જણાય તો જાણવું કે તે પુરૂષને મોટાઇની ઇચ્છા તીવ્ર છે અને તેથી જ સર્વ કાર્યો મુખ્યપણે કર્યાછે અને કરે છે.

પરમાર્થ દૃષ્ટિએ માન-બડાઇની ઇચ્છા અત્યંત ત્યાગવા લાયક અને નિંદનીય હોવા સાથે પરમાર્થ સાધન પ્રાપ્તિ માટે-આત્મકલ્યાણના અભ્યાસી માટે સેવાભાવી માટે તો જરૂર નીચે પાડનારી છે. ( ચાલુ )

—અનુવાદક ગાંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

લેખકઃ—મુનિ ન્યાયવિજયજી

( ગતાંક પૃષ્ઠ ૧૮૬ થી શરૂ )

જો કે કવિશ્રીએ તો મુર્શિદાબાદનું પણ બહુ સુંદર વર્ણન કર્યું છે, પણ સ્થાનાભાવે તે નથી આપતો.

" કોસ દોઢસો જાણજો, પટણાથી એ ગાંમ,
સેયંવરા આસંવરા, સહુ રહેં એક ઠામ. ૧
જીણ ગામે જીનરાજને શ્રાવક સેવે નિત,
ગુણવંતા ગુરૂની ભગતિ કરે ઉદારહ ચિત્ત. ૨
મક્ષુદાબાદ[1] મઝાર શ્રાવક સઘલા સુષકાર હો; સુન્દર સુણજયોજી
ઓસવંશ સિરદાર દાનીષડગ ઉદાર હો. સું. ૧
વીર, ધીર વિખ્યાતા ધરમિને, સુપાત્ર દાતા હો,
વંદ્યા શ્રી ગુરૂના પાય હરખ્યા હીયડામાંહિ હો સું. ૨
યાત્રઇંગુરૂજી પધારો મન ચિંત્યા કારિજ સારોહો,
સામગ્રી મારગે કરી જોઇ ઇંતે દીધી ભલેરી હો. ૩

મુર્શિદાબાદના રાજમહેલથી લગભગ ૧।। માઇલ દૂર મહિમાપુર છે. અહીં ભારતબંધુ ભારતદીપક જગતશેઠના વંશજ રહે છે. જગતશેઠના કસોટીના મંદિરનાં દર્શન કર્યાં. મંદિર બહુ જ સુન્દર અને સુશોભિત છે. મંદિરના ખંભા અને છતો પૂર્વકાલિન મંદિરનું ગૌરવ ગર્વપૂર્વક ગાય છે. કસોટીની પરીક્ષા કરવા ઘણાય જૈન યાત્રિઓએ સોનાની વીંટીઓથી તથા બીજા સુવર્ણના આભૂષણોથી લીંટા કર્યા છે જે જોયા. મંદિર નાનું, નાજુક, રમણીય છે. મૂર્તિઓ પણ બહુ જ ભવ્ય અને સુન્દર છે. કસોટીનું મંદિર આ સિવય બીજે સ્થાને નથી જોયું. કસોટીની મૂર્તિઓ તો જોઇ છે. જે વખતે આખું મંદિર કસોટીનું હશે, ત્યાંની મૂર્તિઓ પણ કસોટીની, હીરાની, પન્ના અને નીલમની હશે તે વખતે મંદિર કેવું સુંદર અને ભવ્ય હશે તેની માત્ર કલ્પના જ આવે છે, પણ એક જમાનો એ હતો કે કસોટીના મંદિરમાં હીરા પન્ના, નીલમ અને કસોટીની મૂર્તિઓ હતી. આ મંદિરમાં અત્યારે તો પૂર્વના મંદિરનાં અવશેષો માત્ર દૃષ્ટિગોચર થાય છે, હાલમાં અહીંની મૂર્તિઓ અન્યત્ર વિદ્યમાન છે.

પહેલાં જગતશેઠની કોઠી ગંગા કિનારે હતી. કસોટીનું ભવ્ય મંદિર પણ ત્યાં જ હતું. આખા હિન્દુસ્તાનમાં આ મંદિર, તેની રચના અને ભવ્યતા માટે અજોડ ગણાતું હતું, પરન્તુ ભાવીના ગર્ભમાં શું સમાયું છે તે મહાજ્ઞાની સિવાય બીજું કોણ જાણી શકે તેમ

૧ મુર્શિદાબાદમાં રેશમની ઉત્પત્તિ ઘણી થાય છે. તેમાં બે પ્રકાર છે. એક જીવોનો-કીડાઓનો સંહાર કરીને અને બીજુ અંદરથી એની મેળે જીવડો બહાર નીકળી જાય છે તે. આ રેશમ હલકા પ્રકારનું ગણાય છે પણ શુદ્ધ ને પવિત્ર લેખાય છે. બાકી અંગ્રેજો આવ્યા પછી કીડા મારવાનો પાપ-વ્યાપાર વધ્યો લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ગંગામાં-ભાગીરથીના ભીષણ પુરપ્રવાહે જગતશેઠનો બંગલો, મંદિર અને લક્ષ્મી-બધું જમીનદોસ્ત કર્યું. ત્યારપછી બચ્યું તે જગતશેઠના પુત્રોએ લીધું, તેમાં કસોટીના મંદિરના ખંભા આદિ જે મળ્યું તે એકઠું કરી હાલના સ્થાને બંગલો અને મંદિર બંધાવ્યા

ગંગાના એ ભીષણ પુરપ્રવાહમાં જગતશેઠનો વૈભવ, ગૌરવ, પ્રભુતા અને લક્ષ્મીદેવી તણાઇ ગયાં-રીસાઇ ગયાં; તે રીસાઇજ ગયાં છે. પુનઃ જગતશેઠના ઘર સામે તેમણે જોવાની દરકાર પણ નથી રાખી. અમે જગતશેઠની ભૂતકાલિન પરિસ્થિતિ, તેમનાં ગૌરવનો ઇતિહાસ, તેમનો વૈભવ અને સાહ્યબી, અચલ ધર્મશ્રદ્ધા, ધર્મ અને તીર્થ માટે પ્રાણની પણ પરવા ન રાખનાર ધર્મવીર તરીકે અને તેમના પતનનાં-વિનાશનાં ખરાં કારણો સાંભળ્યાં અને વાંચ્યાં. એ કરૂણ ઇતિહાસ સાંભળી અમારૂં હૃદય દ્રવી ઉઠ્યું. **એક જૈન ધર્મના વીર-પુરૂષની ભારતના સપુતની આ દશા સાંભળી કોના હૃદયમાં કારી ઘા નહિં લાગે?** આટલું છતાંય ઈતિહાસલેખકોએ આ મહાપુરૂષને ઘણો અન્યાય કર્યો છે અને તેમાં પણ તે જૈન હોવામાત્રથી તેમના પ્રતિ બહુ જ નિષ્ઠુર અને નિર્દયતાપૂર્વકનું વર્તન કર્યું છે. અમીચંદના પાત્રને જગતશેઠના પાત્ર સાથે સેળભેળ કરી નાખીને અન્યાયની અવધિ કરી છે. જૈન પત્રની ભેટ 'જગતશેઠ' માં પણ આનું જોઇએ તેવું પરિમાર્જન નથી થયું. કેટલીક સત્ય વિગતો નથી આવી. આ માટે જ **ભારતમાં અંગ્રેજીરાજ્ય; જગતશેઠ** (બંગાલી) આ બન્ને પુસ્તકો જોવા જેવા છે. એક તો અમે વાંચ્યું છે. એમાં ઘણી સત્ય વિગતો આવી છે, પરન્તુ ખરો ઇતિહાસ તો જગતશેઠના વંશજ પાસેથી મળે તેમ છે. જગતશેઠનું કસોટીનું મંદિર, તેમની ધર્મશ્રદ્ધા અને વૈભવનું જીવંત દ્રષ્ટાંત છે, તેમજ મણિનો પલંગ શાહજહાનના મયુરાસનની પ્રતિકૃતિ આદિ પણ તેમના વૈભવનું દ્રષ્ટાંત છે. વર્તમાન જગતશેઠ પણ ધર્મશ્રદ્ધાળુ અને સજ્જન છે. બ્રીટીશસરકાર જગતશેઠને તેમનાં દાદીમા હતા ત્યાંસુધી વર્ષાસન આપતા. હાલમાં તે પણ બંધ છે. છતાંય જૈનોમાં તેમનું માન અને ગૌરવ સારાં છે. અહીંના સુંદર જીનમંદિરનાં દર્શન કરી અમે **કટગોલા** આવ્યા મહિમાપુરથી ૦ાા-૦ાા માઇલ હશે.

અહીં વિશાલ ઉદ્યાનમાં-બગીચામાં ભવ્ય જીનાલય છે. પ્રતિમાજી બહુ જ મનોહર અને આકર્ષક છે. **આદિનાથપ્રભુ મૂળનાયક છે** જે ચમત્કારી અને પ્રભાવશાલી છે. આના ઉપર જે લેખ છે તેટલી પ્રાચીન મૂર્તિ અમને ન લાગી. રચના અને સ્થાપત્ય જોતાં કદિ પણ અમને બતાવ્યા તેટલો જુનો સમય ન હોઇ શકે એમ અમારૂં માનવું છે. બાબુશ્રી લક્ષ્મીપતિસિંહજીએ આ ભવ્ય મંદિર અને વિશાલ બગીચો બંધાવેલ છે, ત્યાંથી વિહાર કરી ચાર કોશ **બાલુચર** આવ્યા.

અહીં શ્રાવકોનાં ૫૦ ઘર છે. સંભવનાથ પ્રભુ, અરનાથ પ્રભુ, વિમલનાથ પ્રભુ, તથા આદિનાથ પ્રભુનાં મંદિરો છે. મંદિરો વિશાલ અને ભવ્ય છે. અહીંથી ૦ાા થી ૦ાા માઇલ દૂર કીર્તિબાગમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. અહીં કસોટીની સુંદર ભવ્ય મૂર્તિ છે. આ પ્રતિમાજી જગતશેઠના કસોટીના મંદિરમાંથી આવી હોય તેમ લાગ્યું. અહીંથી ગંગાને સામે કાંઠે જ ૦ાા માઇલ દૂર અજીમગંજ આવ્યા

કલકત્તાથી અજીમગંજ આવવા માટે બે રસ્તા છે. અમે આવ્યા તે રસ્તો વધારે ઉપકારક છે. બેશક આ રસ્તે સર્પાદિનો ભય છે પણ ઉપયોગથી વિચરનારને વાંધા જેવું નથી. રેલ્વે રસ્તા પણ બે છે. એક કલકત્તાથી હાવરા થઇને જાય છે અને તે અજીમગંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉતારે છે. અજીમગંજ સીટી સ્ટેશનની સામે જ શ્વેતાંબર ધર્મશાળા છે. અહીં આવનાર દરેક યાત્રીને પ્રાયઃ પ્રથમ દિવસે તો બાબુ સુરપતસિંહજી તરફથી અવશ્ય નિમંત્રણ હોય છે. અહીંથી અજીમગંજના બધાં મંદિરાનાં દર્શન કરી હોડીથી નદિ પાર કરી વાહન ઇચ્છુક ગ્રહસ્થશ્રાવક વાહનદ્વારા બાલુચર (કીર્તિબાગ સહિત) કટગોલા અને મહિમાપુર આદિ સ્થાનનાં મંદિરાનાં દર્શન કરી પૂનઃ નદી કાંઠે આવી હોડીથી નદીપાર કરી અજીમગંજ ધર્મશાળામાં આવે છે આ રસ્તો વધારે અનુકુળ છે. બીજો પગ રસ્તો કટવા થઇ બરદ્વાન થઇને જાય છે. ત્યાં ૩૦ માઇલની કાચી સડક આવે છે, અને નદીઓ પણ આવે છે તેમ થોડું ચક્કર પણ છે. જોકે અમે ગયા તે રસ્તો કે જે અહીં આપ્યો છે ત્યાં પણ કાચી સડક જ છે પણ સડક સારી છે. નદી આવે છે પણ સગવડતા મળે છે. બીજો રેલ્વે રસ્તો શ્યાલદા થઇને બાલુચર જાય છે પણ શ્રાવકોને તો કલકત્તાથી હાવરાથી અજીમગંજ લાઇન વધારે અનુકૂળ પડે તેમ લાગે છે.

**અજીમગંજ**—અહીં શ્રાવકનાં ૮૦ ઘર છે. બાલુચર અને અજીમગંજમાં ઘણા ધનાઢય, શ્રીમાન્ અને ધીમાન્ જૈનો વસે છે. મુર્શીદાબાદમાં રહેતી અસલ જૈન વસ્તી કયાં ગઇ તેનો પત્તો નથી કિન્તુ અહીં અત્યારે વિદ્યમાન જૈનામાં તો ઘણાખરા રાજપુતાનામાંથી આવેલ છે. જો કે તેઓ પણ અત્યારે તો બંગાલીબાબુ બન્યા છે. મોટા જાગીરદારો અને રાજાઓ તરીકે તેમની ખ્યાતિ છે. તેઓનો આતિથ્યસત્કાર પાછળની ભાવના અને વાણીની મીઠાશ અદ્વિતીય છે એમ કહું તો ચાલે. તેઓમાં રહેલ વિનયભાવ, નમ્રતા અને સજ્જનતા જરૂર પ્રશંસનીય છે. અદ્યપિ અહીં સ્ત્રીઓમાં ઓઝલ–પડદાનો રિવાજ સખ્ત છે પરન્તુ ખુશી થવા જેવું એ છે કે બાલક અને બાલિકાઓ સાથે જ જ્ઞાન પ્રાપ્ત કરે છે. હિન્દિ, બંગાલી અને ઇંગ્લીશ પણ શીખે છે. ધાર્મિક જ્ઞાન પણ સારૂં પ્રાપ્ત કરે છે. અહીંની જૈન પાઠશાળા બહુ સારી છે. જો કે કેટલાંક કુટુંબનાં ફરજંદો ભણવામાં આગળ વધે છે, પરન્તુ ઘણાખરાં તો પોતાનાં બાળકોને ખપ જોગું ભણાવી ઇતિશ્રી માને છે.

અહીંના શ્રાવકોમાં ધાર્મિક જ્ઞાન કદાચ ઓછું હશે પરન્તુ શ્રદ્ધાની વિપુલતા છે. શ્રદ્ધાનું ઝરણું નિર્મલ વહે છે. તેમનામાં રહેલ ધર્મશ્રદ્ધા, ભાવના અને દૃઢ ધર્મરાગ એ ખાસ ગ્રહણ કરવા લાયક છે. અહીં શ્રી અને ધીનો સંગમ થયો છે. યદિ તેનો વિવેકપૂર્વક સુંદર ઉપયોગ થાય તો જૈન સંઘને ઘણો ફાયદો થાય. અહીં નવજિનમંદિરા છે. શ્રી નેમનાથ પ્રભુનું; શ્રી બુદ્ધિસિંહજી બાબુવાળું શ્રી ચિન્તામણી પાર્શ્વનાથનું; સિતાબચંદજી નહારવાળું સુમતિનાથ પ્રભુનું; શ્રી પદ્મપ્રભુનું, શ્રી ગોડીપાર્શ્વનાથજીનું; ઘર દેરાસર; હરખચંદજી ગુલેચ્છાનું શાન્તિનાથ પ્રભુનું. શ્વે. ધર્મશાળા-ઉપાશ્રય નજીકનું શાન્તિનાથ પ્રભુનું, તથા ધનપતસિંહજી દુગડનું વિશાલ આલેશાન શ્રી સંભવનાથ પ્રભુનું મંદિર. તેમાં પ્રતિમાજી પણ બહુ જ વિશાલ અને મનોહર છે. ઉપર ત્રણ માળ છે ત્યાં અર્વાચીન પ્રતિમાઓ પણ ઘણી છે. રામ બગીચાનું તથા ગામ બહાર શામળીયા પાર્શ્વનાથજીનું. અહીં જીર્ણોદ્ધારની જરૂર છે. નવલખાજી નિર્મલકુમારસિંહજીનો બગીચો કે જેમાં વિવિધ પુષ્પો પ્રભુપૂજા માટે થાય છે. આમાં પુષ્પોની વિવિધતા, સુંદરતા તથા તેની પ્રચુરતા કરવા માટે બાબુજી ઘણો પ્રયત્ન લ્યે છે. તેમનું નાનકડું મ્યુઝીયમ પણ પુરાતત્વ દ્રષ્ટિએ જોવા યોગ્ય છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રશ્નમાં છુપાયલા પ્રશ્નોત્તરો.

૧ પાપનુંબંધી પુણ્યનો પ્રભાવ નભે ક્યાં સુધી ?
૨ સતીના દુઃખનાં આવરણુ નભે ક્યાં સુધી ?
૩ દંભીના એ દંભ દુનીઆમાં નભે ક્યાં સુધી ?
૪ ગર્વીષ્ટના ગર્વ ગુમાન નભે ક્યાં સુધી ?
૫ સત્યલોપી અસત્ય નભે ક્યાં સુધી ?
૬ અજ્ઞાનાંધકારનાં પડળ નભે ક્યાં સુધી ?
૭ જ્ઞાનવિહીન તપનો પ્રભાવ નભે ક્યાં સુધી ?
૮ જોર જુલ્મથી પ્રગટાવી ધર્મભાવના નભે ક્યાં સુધી ?

૧ પડે છે પાપાનુંબંધી પુણ્યનો પ્રભાવ માત્ર બે ઘડી,
જુઓ પ્રભાવ પાડતો હિરણ્યકશ્યપ મર્યો લડી લડી.
૨ આવરણુ સતીનાં દુઃખનાં ટકે છે માત્ર બે ઘડી,
સંકટ ગયા ચંદનબાળાનાં ને તૂટી ગઇ પળમાં બેડી.
૩ દંભીના દંભ દુનીઆને દમે છે માત્ર બે ઘડી,
મયૂર બાણાદિના દંભ તૂટયા માનતુંગાચાર્યથી.
૪ ગર્વીષ્ટના ગર્વ ગુમાન નભે છે માત્ર બે ઘડી,
પ્રચંડ એ દેવરૂપના ગુમાન તૂટયાં વીરની એક મુઠ્ઠીથી.
૫ સત્યલોપી અસત્ય નભે છે માત્ર બે ઘડી,
સતિ સીતા પર આવ્યું આળ ગયું વહ્નિથી.
૬ અજ્ઞાનાંધકારના પડળ રહે છે માત્ર બે ઘડી,
બોધ પામ્યો ગુરૂની વાણીથી રાજા પરદેશી.
૭ જ્ઞાનવિહીન તપનું ફળ રહે છે માત્ર બે ઘડી,
મરી થયો ચંડકૌશિક એ મહા તપસ્વી.
૮ જોર જુલ્મથી પ્રગટાવી ધર્મભાવના ટકે બે ઘડી,
દાસી કપિલાએ દીધું દાન પણ ચાટવાથી.

વિનયકાંત કાંતિલાલ મહેતા.
અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વાડાનો દુરાગ્રહ કોને છે?

તા. ૨૯-૧-૩૩ ના જૈનમાં "વાડાનો દુરાગ્રહ" મથાળાવાળો સ્થાનકવાસી સંપ્રદાયના મુનિ છોટાલાલજીએ લખેલો નાનો લેખ પ્રગટ થયો છે, એ લેખમાં લેખકે પોતાની સમભાવ અવસ્થા બતાવી છે અને ઉતરવા માટે મકાન ન મળવાથી ચીડાઇને મૂર્ત્તિપૂજકો ઉપર મોટો આક્ષેપ કર્યો છે. આ લેખ વાંચ્યાને કેટલાક દિવસો વીતી ગયા. નિરંતર વિચાર કરતો હતો કે આનો ઉત્તર આપુ પરંતુ કારણુંને લઇને વિચાર ફરી જતો હતો. અંતે એ વિચાર હું દબાવી શકયો નહી તેથી આ ઉત્તર દેવા પ્રેરાયો છું. વસ્તુસ્થિતિનો જેને અનુભવ થાય છે તે જ બતાવી શકે છે. મ્હને અનુભવ થવાથી સાચો વાડાનો કદાગ્રહ કોનો છે એ બતાવવા જ પ્રેરાયો છું. લેખક પ્રત્યે મ્હારો રોષ નથી કે દ્વેષ નથી પરંતુ સાચી વસ્તુ બતાવવી એ મ્હારો ધર્મ હોવાથી જ હું આ ઉત્તર લખી રહ્યો છું.

છોટાલાલજી ! જો આપ સમભાવ અને વીતરાગ અવસ્થા સમજી ગયા હોત તો આ ઉદ્યમ આપ કરત જ નહીં, પરંતુ **परोपदेशे पांडित्यं** આ લોકોક્તિને સાર્થક કરવાજ પોતાના ઘરને ન તપાસતાં ફોકટ શ્વે. મૂર્તિપૂજકો ઉપર ખોટો આક્ષેપ કરવા તૈયાર થયા છો. કદાગ્રહ કોનામાં વધારે છે એ પ્રથમ ધ્યાનમાં લેવાની જરૂરત છે. ખોટા કદાગ્રહને પકડી બેઠા ત્યારે આ બધા ઝગડાઓ વધી રહ્યા છે. નિષ્પક્ષપાત દૃષ્ટિથી જોશો તો આપને જણાઇ આવશે કે વાડાબંધીનો અધિક કદાગ્રહ કોનામાં છે? પુણ્યના માર્ગો કોણે બંધ કરાવ્યા છે? કર્ત્તવ્યભ્રષ્ટ કોણ થઇ રહ્યું છે? પક્ષપાતના ચસ્મા ઉતારી વાડાના મમત્વને છોડી ન્યાયપૂર્વક જોશો તો આપને સત્ય વસ્તુ જણાઇ આવશે. આ બાબત વધુ ન ચર્ચતાં થોડામાં જ પતાવી દઇશ. એકદમ સાહસ કરી કોઇના ઉપર ખોટો આક્ષેપ કરવો એમાં સાધુતા નથી કહેવાતી, આપ પ્રથમ આપના ઘરને તપાસો, વાડાને તપાસો અને પછી આક્ષેપ કરવા તૈયાર થાઓ. આપના ઘરની આપને ખબર નહીં હોવાથી આ ઉત્તરરૂપે આપને આપના ઘરનું-વાડાનું સ્મરણ કરાવી રહ્યો છું.

જ્યારે જગત્પૂજ્ય પંજાબકેસરી આબાલબ્રહ્મચારી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્ય પરિવાર સહિત દક્ષિણમાં-વરાડમાં વિચરતા હતા તે વખતે તમારા વાડાવાલાઓએ આચાર્યશ્રીની સાથે કેવા પ્રકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રનો વર્ત્તાવ રાખ્યો હતો તે જાણવું હોય તો મ્હારી પાસે મસાલો તૈયાર છે. મકાન હોવા છતાં માગણી કરવામાં આવે તો સાફ મનાઇ સિવાય કાંઇ ઉત્તર ન મલે. જૈનેતર ભાઇઓ ઉતરવા માટે મકાન આપે ત્યારે શું જૈન નામધારી ન આપી શકે ? પરંતુ એ બીચારાઓનો શો વાંક કાઢવો ? જ્યાં ધર્મગુરૂઓ તરફથી સખ્ત મનાઇ કરવામાં આવતી હોય ત્યાં સાંપ્રદાયિક કદાગ્રહીઓનું શું ચાલે ? અસ્તુ દક્ષિણ–વરાડની વાતો જવા દઉં છું. હાલમાં વીતેલી બીના લખી આ નાના લેખને પૂરો કરીશ.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ શિષ્ય પરિવાર સહિત જોધપુરના શ્રી સંઘના અત્યંત આગ્રહથી પાલીથી વિહાર કરી જોધપુર આવતાં રસ્તામાં મકાન, આહાર–પાણીની કેટલી મુશીબતો વેઠવી પડી છે તે જો લખવા બેસું તો મુનિજી ! ખાસો એક નાનો ટ્રેકટ થઇ જાય. હાલ તો ગામનું નામ ન આપતા બનેલી ઘટના જણાવી દઉં છું. નામોની જરૂ- રત જણાશે તો જરૂર આપવા તૈયાર છું.

પાલીથી વિહાર કરી અમુક ગામમાં આવ્યા. સાથે પાલીના કેટલાક આ- ગેવાનો પણ હતા. આચાર્ય મહારાજે સ્થાનકવાસી સંપ્રદાયના શ્રાવકો પાસે જઇ ઉતરવા માટે મકાનની માંગણી કરી. આ ગામમાં મૂર્તિપૂજકોનું એક પણ ઘર નહોતું. જે શ્રાવક પાસે મકાનની યાચના કરી તે શ્રાવકે સભ્યતા છોડી નિર્લજ્જતાની સાથે આચાર્ય મહારાજને ઉત્તર આપ્યો. ઉત્તર પણ એવો વિચિત્ર આપ્યો કે જે આપનારને પણ ન શોભે. આચાર્ય મહારાજ શાંતિથી સમજાવવા લાગ્યા પરંતુ એકનો બે ન થયો, અને કુતરાની માફક ચીડાઇને જેમ તેમ લવારો કરવા લાગ્યો. આચાર્યદેવ ચૂપ થઇ ગયા. થોડીવાર પછી જ્યારે એ શ્રાવકનો રોષ કમતી થયો ત્યારે પાલીના આગેવાનો અને ગામના પણ કેટલાક માણસો બેઠા ત્યારે ફરીને એ ભાઇને સમજાવ્યો કે ભાઇ, તારૂં મકાન ખાલી છે, સાધુઓ તડકામાં ઓટલા ઉપર બેઠા છે, વિહાર લાંબો હોવાથી સાધુઓ થાકી ગયા છે તો તું મકાન આપ. આ સાંભળી પુનઃ ઉત્તેજીત થઇને કહેવા લાગ્યો કે મહારાજશ્રી, અમોને તો અમારા સાધુઓએ બાધા–પ્રતિજ્ઞા–પચ્ચખાણ કરાવ્યા છે કે સંવેગી સાધુઓ આવે તો ઉતરવા માટે મકાન ન આપવું, આહાર–પાણી ન આપવા, અને પાસે જવું પણ નહીં. હવે અમો શું કરીએ ? આ વાત સાંભળી બેઠેલા માણસો ચકિત થઇ ગયા. આચાર્ય મહારાજે પૂછયું કે તમોને બાધા કોણે આપી છે અને કયારે આપી ? આ સાંભળી એ ભાઇએ કહ્યું કે મહારાજશ્રી, અમુક સમય પહેલાં અમારા સંપ્રદાયનો સાધુ–અમુક તપ- સ્વી અત્રે આવ્યા. તેણે થોડી ઘણી તપશ્ચર્યા કરી અને અમોને કહેવા લાગ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે તમે બાધા કરે તો જ હું પારણું કરીશ; અન્યથા અહીંથી તમોને શાપ દઇને વિહાર કરીશ. આ શાપની વાત સાંભળી ગામડાના ભોળા શ્રાવકો વિચારમાં પડી ગયા. થોડીવારમાં એ નામધારી તપસ્વીને પૂછયું કે મહારાજ, શાની બાધા આપ દેવા માંગો છો ?

ત્યારે એ તપસી ખુશી થઇ માનો કે ૪૯૦ મૂર્તિપૂજકો સાથે-સંવેગી સાધુઓ સાથે જન્માન્તરનું વેર લેવા તૈયાર થયો હોય તેવી રીતે કહેવા લાગ્યા કે-" આજથી તમારા ગામમાં સંવેગી સાધુ આવે તો તેને મકાન, આહાર-પાણી આદિ ન આપવા, હાથ ન જોડવા અને તેઓની સાથે ભાષણ પણ ન કરવું " આવી રીતની તમો પ્રતિજ્ઞા-બાધા કરો તો જ હું પારણું કરીશ આ સાંભળી ભારે વિચારમાં પડયા. કેટલાક ભોળા પરંતુ સમજુ શ્રાવકોએ ઉત્તર આપ્યો કે મહારાજ, આપને પારણું કરવું હોય તો કરો નહિં તો રસ્તો માપો. અમારાથી આવી પ્રતિજ્ઞા નહીં થાય. જોધપુર અને પાલીનો રસ્તો હોવાથી અમારાથી આ બને તેમ નથી. આ પ્રમાણે રોકડું તપસીને પીરસી ચાલ્યા ગયા. કેટલાક બહુ જ મમત્વીઓ અને વાડાબંધી જેઓને વ્હાલી હતી તેઓ બેઠા અને પ્રતિજ્ઞા-બાધા કરી અને તપસીની પાસેથી સમ્યકત્વ (?) ઉચ્ચરી તપસીને પારણું કરાવ્યું અને તપસીના આત્માને શાંત કર્યો. અમો તો આપને મકાન નહીં આપીએ. તપસીએ ઉપરથી ડર બતાવતાં કહ્યું કે " તમો આ મ્હારી આપેલી બાધા તોડશો તો સીધા નરકમાં જ જશો " આ ડરને લીધે શ્રાવકોએ મકાન ન આપ્યું. ઉપરની બીના સાંભળી આચાર્ય મહારાજે એ શ્રાવકને સમજાવી સ્વર્ગ-નરકનો ખુલાસો કરી મકાન ખોલાવ્યું અને તેમાં ઉતર્યા. આ તો એક ગામની વાત થઇ. એ દ્વેષી તપસી જ્યાં જ્યાં ગયો છે ત્યાં ત્યાં આ જ પ્રમાણે વાગરણા કરી તપ અને સંયમને સાર્થક કરે છે.

છોટાલાલજી ! ઉપરના કીસ્સાને સારી રીતે વિચારશો, હૃદયમાં ધારણ કરશો. સાધુ ને તેમાં પણ તપસ્વીને આ પ્રમાણે કરવું યોગ્ય કહેવાય ? આ હઠ શા કામની ? તપસી પોતાના ક્રોધને-રોષને ન સંભાળી શકયો તો એ તપસીમાં સાધુતા ખરી કે ? આ કયા પ્રકારનું સમ્યકત્વ તે તમો જ વિચારી લેશો. ખોટા વાડાના મોહમાં મુંઝાએલાના ધર્મગુરૂઓને કેટલો વાડાનો દુરાગ્રહ છે તે આપ સ્વયં સમજી લેશો. જ્યારે કહેવાતા સાધુઓમાં આટલો દુરાગ્રહ ભરેલો છે તો પછી શ્રાવકોમાં કેમ ન હોય ? સ્વર્ગ-નરકની ચાવીઓ તો જ્વાલામુખી તપસીજી પાસે જ છે કે આપના આખા સંપ્રદાયમાં છે ? અસ્તુ ! આતો પાલી-જોધપુર વચ્ચેની વાત થઇ. હવે આપને જોધપુરથી ફલોદી જતાં દાખલો આપું-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ સ્વનામધન્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સપરિવાર અમુક ગામમાં ગયા. ઉતરવા માટે મકાનની યાચના કરી, પાંચ-છ શ્રાવકો એકત્ર થઇ દુકાનપર બેઠા અને આપસમાં સંવેગી સાધુઓને જોઇ હસવા લાગ્યા, પરંતુ મકાન ઉતરવા માટે આપે નહીં. જ્યારે બહુ સમજાવ્યા ત્યારે તે તેના તરફ દેખીને હસે અને બીજો ત્રીજાની તરફ દેખી હસે પરંતુ દુરાગ્રહીઓ બોલેજ નહીં. એટલામાં ત્યાં બીજા બે શ્રાવકો આવી પહોંચ્યા અને કહેવા લાગ્યા કે સાધુઓ તડકામાં ઉભા છે. અમુક મકાન-દુકાન ખાલી પડી છે, ઉતરવા માટે કેમ આવતા નથી ? આ સાંભળી બેઠેલા શ્રાવકો એ કહ્યું કે અમ્હોને તો આપણા મહારાજે બાધા કરાવી છે કે સંવેગી સાધુઓને ઉતરવા માટે મકાન ન આપવું. અમ્હો કેવી રીતે આપીએ ? થોડી જ વારમાં બંને વચ્ચે કદાગ્રહના મોહમાં મુઝાએલા હોવાથી કહેનારની સાથે લડવાની તૈયારી ઉપર આવી ગયા. ધીમેથી આચાર્યદેવે શાંત કર્યા અને કહ્યું કે ભાઇઓ, તમો લડશો નહી. અમ્હો ઝાડ નીચે જઇને પડ્યા રહેશું. શા માટે તમે લડો છો ? આ ઉત્તર સાંભળી આવનાર શ્રાવકોએ કહ્યું કે મહારાજશ્રી, આપ મ્હારા મકાને પધારો, ઝાડ નીચે ન પધારશો. ઠંડી બહુ જ પડે છે માટે ન જશો. અંતે દુરાગ્રહીઓ નાસી ગયા અને જે સાધુના પ્રત્યે પૂજ્યભાવ રાખતા હતા તેઓએ મકાન ખોલી આપ્યું. ગામમાં ખાસા ઘર હોવા છતાં સ્થાનકવાસીના ચાર-પાંચ ઘરે આહારને માટે લઇ જઇ તરતજ મેશ્રીભાઇઓને ત્યાં લઇ ગયા. સાધુઓ આહાર-પાણી લઇ આવ્યા પરંતુ શ્રાવક કહેવાતાં છતાં સંપ્રદાયના દુરાગ્રહના લીધે સંવેગી સાધુઓને આહાર ન આપ્યો તો પાણીની તો વાત જ શી કરવી ? અફસોસ એ વાતનો થાય છે કે મેશ્રીભાઇઓ આહાર-પાણી આપે અને સ્થાનકવાસી શ્રાવકો દેખાતાં છતાં મ્હોં મલકાવે એ કેટલી શરમની વાત છે !

મુનિજી ! આ આપની સમભાવ અને વીતરાગ અવસ્થાની વાતોને ? આ આપના સંપ્રદાયની દયાને આપ શાસ્ત્રોનું અધ્યયન કરીને તમારા માનેલા શ્રાવકોને આ રીતનો ઉપદેશ આપી સંપ્રદાયનો કદાગ્રહ વધારી રહ્યા છો ને ? મહારાજશ્રી ! આવો ને આવો દુરાગ્રહ ક્યાં લગી ચલાવશો ? તમારા સંપ્રદાયના સાધુઓના પાતરા ભરે તો પુણ્ય, ઉતરવા મકાન આપે તો લાભ અને સ્વર્ગ મળે અને સંવેગી સાધુઓને આપે તો પાપ અને નરક મળે. આ જ આપનો એટલે આપના સંપ્રદાયનો માનેલો ધર્મ અને પુણ્યને ? વાહજી વાહ, ખૂબ ધર્મની જાહોજલાલી ઉજવી રહ્યા છો. ધન્ય તમારી દયાને અને તમારા ધર્મને-ઉપદેશને ! આવો ને આવો ડોળ ક્યાં લગી ચલાવે જશો ? આતો બે-ત્રણ દાખલા જ આપ્યા છે. હજુ મારવાડ, મેવાડ, માળવા અને પંજાબના દાખલાઓ બહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશે તો તમારી દયા કેવા પ્રકારની છે તે આપને ખબર પડશે. મહારાજશ્રી આપને જાણવા હોય તો મ્હારી પાસે એક એકથી સવાયા તૈયાર છે, પરંતુ ન જાણવામાં જ આત્મશ્રેય છે–કલ્યાણ છે. આ પણ ન લખત પરંતુ આપે પહેલ કરેલ હોવાથી જ મ્હારે લખવું પડયું છે. આપના સંપ્રદાયમાં અધિક દુરાગ્રહ હોવા છતાં આપને એ દુરાગ્રહ ન દેખાણો અને મૂર્ત્તિપૂજકોમાં કદાગ્રહ ન હોય છતાં આપે ખોટો આરોપ કર્યો તેથી જ આ ઉત્તર દેવા તૈયાર થયો છું. આ બાબતમાં આપ કાંઇ લખવા લેખિની ઉપાડશો તો હું આપના સંપ્રદાયની જાહોજલાલી ઘણી જ સારી રીતે બતાવીશ; પરંતુ આમાં ફાયદો લગારે નથી. મમત્વ અને વાડાનો દુરાગ્રહ વધારવો હોય તો આપની મરજીની વાત છે.

મ્હને નિરંતર વિચાર થતો હતો કે અજમેરમાં સંમેલન ભરાય છે તેથી અધિક લાભ થવા સંભવ છે અને દુરાગ્રહ અને કદાગ્રહના વાવાઝોડાઓ કમતી થાશે. પરંતુ **प्रथमग्रासे मक्षिकापातः** વાળો ન્યાય લાગુ પડી રહ્યો છે. આપના સંમેલનની અધિક આશા આપના લેખે જતી કરી છે. મ્હને પણ એમજ લાગે છે કે દુરાગ્રહને વધારવા સિવાય સંમેલનમાં બીજું કાંઇ થાય તેમ નથી. હજુ સંમેલન ભરાણું નહીં તેના પહેલા જ આપ આવા નકામા ચીંથરા ફાડી રહ્યા છો તો જ્યારે સંમેલન ભરાશે તે વખતે શું કરશો? જમાનો હવે દુરાગ્રહ વધારવાનો નથી; આપસમાં હળી મળીને ચાલવાનો છે. આપ સ્વયં જાણતાં હોવા છતાં નકામા ચીંથરા ફાડવા કેમ તૈયાર થયા? મ્હને લાગે છે કે વાડાના દુરાગ્રહે જ આપને પ્રેરણા કરી છે અને આપ લખવા તૈયાર થયા છો. અસ્તુ, કોઇ વાતની ચિંતા નથી. જે વાડામાં રહેવું, જેનું ખાવું, તેનું ગાયા વિના કેમ રહેવાય તેમ છે. વિચારવાનું એટલું જ છે કે તમારા જેવા સમજુ અને વિચારક માણુસે નજીવી બીના લખવા પ્રથમ પહેલ શા માટે કરી? અસ્તુ, શાસનદેવ આપને સદ્બુદ્ધિ આપે અને આપ પક્ષપાતના ચસ્મા ઉતારી "વાડાનો દુરાગ્રહ" કોને છે તે જરૂર વિચારશો અને શ્વે. મૂર્તિપૂજકો ઉપર ખોટો આક્ષેપ કરવા પહેલાં પોતાના ઘરને સારી રીતે તપાસશો એ જ ભાવના.

બાલોતરા.
૧૭–૩–૩૩

ચરણવિજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

અનુવાદક—વિઠ્ઠલદાસ મૂ. શાહ

(ગતાંક પૃષ્ઠ ૧૬૬ થી શરૂ)

જ્યારે તમે તમારા હૃદયકમળમાં ભગવાનનું ધ્યાન ધરો છો ત્યારે તમારૂં ધ્યાન ભગવાનની મૂર્તિમાં લાગી જાય છે. પછી આધ્યાત્મિક ધારા ચાલવા લાગે છે. જ્યારે તમે ધ્યાન કરો છો ત્યારે ધારાનો પ્રવાહ સ્થિર થઇ જાય છે અને જ્યારે ધ્યાન ખૂબ ગંભીર થઇ જાય છે ત્યારે સમાધિ પ્રાપ્ત થાય છે; તમે ભગવાનની સાથે એકરૂપ થઇ જાઓ છો. બધાય સંકલ્પવિકલ્પ બંધ થઇ જાય છે અને ચિત્તવૃત્તિનો સંપૂર્ણ નિરોધ થઇ જાય છે.

તમે કર્મયોગનો, ભક્તિયોગનો, રાજયોગનો અથવા જ્ઞાનયોગનો અભ્યાસ કરો તો પણ તમારે દ્વેષ, ઇર્ષ્યા, મોહ, અહંકાર વગેરે છોડવા જ પડશે, તમારે ઇંદ્રિયો વશ કરવી જ પડશે. ચિત્તશુદ્ધિ, યમનિયમ સઘળા પ્રકારના યોગીઓમાં સામાન્ય રૂપે રહે છે. જે મનુષ્ય આત્મ સંયમ નથી કરતો, પૂરેપૂરો સ્વાર્થમાં જ મગ્ન રહે છે તેને કર્મયોગથી શું થઇ શકે ? તમે દરેક વસ્તુને પોતાની માફક ચાહતા હો, તમે વ્યસની હો, તમારી જરૂરીઆતો ઘટાડી ન શકતા હો તો તમે કેવી રીતે બીજાને માટે કંઇ કરી શકશો ? તમે પ્રેમ, નિઃસ્વાર્થ સેવા તથા સાત્વિક દાનવડે જ વિશ્વની સાથે સંબંધ જોડી શકો છો.

તમારો સાચો શત્રુ કોણ છે ? તમારૂં પોતાનું જ મન છે, તમારા પોતાના જ કુસંસ્કાર છે. અશુભ વાસનાઓને બદલે શુભ વાસનાઓને સ્થાન દો, ત્યારે જ તમે પ્રભુની સમીપ પહોંચી શકશો. મન બદલાઇ જશે. ખરાબ સંસ્કાર નષ્ટ થઇ જશે. ધ્યાનમાં અડચણ અંદરથી જ થાય છે. પરિસ્થિતિઓ અંદરથી જ પેદા થાય છે. તમે પોતેજ પરિસ્થિતિના બનાવનાર છો. ગમે તે સ્થિતિમાં રહેવું પડે તો પણ પ્રસન્ન રહેવાનો યત્ન કરો, કદિ ફરિયાદ ન કરો, દુઃખ સહન કરી લ્યો. તમને પ્રકૃતિ પર વિજય મળશે. જ્ઞાનીને માટે તો માયા તુચ્છમાં તુચ્છ વસ્તુ છે.

મનના સ્વભાવનું અધ્યયન કરો. સાવધાનીથી મનનું વિશ્લેષણ કરો. મનને ત્રણ પ્રકારના દોષોથી મુક્ત કરો. મનને શુદ્ધ કરી, સ્થિર કરો. ઇશ્વરમાં મનને લગાડો. સતત ગંભીર ચિંતનવડે ભગવાનમાં મનને મગ્ન કરો. મનોના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શના સાધનનો અભ્યાસ કરો. એ તમારૂં કર્તવ્ય છે. બીજા બધાં કર્તવ્ય અવિદ્યા અથવા અજ્ઞાનદ્વારા સ્વયંનિર્મિત અને સ્વયંગૃહિત છે.

બધી ક્રિયાઓને પૂરીપૂરી સ્થગિત કરી દેવી જોઇએ. જો ધ્યાનયોગના અભ્યાસની ઇચ્છા હોય, જો તમને મનની એકાગ્રતાદ્વારા આત્માનુભવની ઇચ્છા હોય તો ચાર-પાંચ વર્ષ સુધી તમારી જાતને સર્વ પ્રકારની આસક્તિયોથી પૂરેપૂરી દૂર કરી લ્યો. સમાચાર પત્રો વાંચવાનું અથવા પોતાના મિત્રો, સગાં-સંબંધીઓની સાથે પત્રવ્યવહાર કરવાનું પણ બંધ કરી દેવું જોઇએ, કેમકે તે મનને વિચ્છિન્ન કરે છે અને સાંસારિક ભાવનાને દૃઢ કરે છે; એટલા માટે ઉપર કહેલ ચાર-પાંચ વર્ષનો એકાન્તવાસ અત્યંત આવશ્યક છે.

જે ધ્યાન કરે છે તે કામ નથી કરી શકતા અને જે કામ કરે છે તે ધ્યાન નથી કરી શકતા. એ સમાધાન નથી, એને સમતા ન કહી શકાય. ધ્યાન અને કર્મ બરાબર સમાહિત થવા જોઇએ. જો તમે દૈવી વિધાનનું અનુસરણ કરવા માટે તૈયાર હો તો તમારામાં યોગ્યતા હોવી જોઇએ કે જે કામ તમને સોંપવામાં આવે તે ગમે તેટલું ભારે હોય તો ય ઉઠાવી લ્યો અને એવી જ રીતે શાંતિથી બીજે દીવસે છોડી દો. એમ ન ધારો કે તેની જવાબદારી તમારી ઉપર છે. તમારામાં પૂરી શક્તિ સહિત કઠિન પરિશ્રમ કરવાની લાયકાત હોવી જોઇએ તેમજ કામ સમાપ્ત કર્યા પછી તમારામાં એવી શક્તિ હોવી જોઇએ કે સંપૂર્ણ માનસિક શાંતિ સહિત તમે અમુક વખત માટે એક સાધુની માફક ગુફામાં તમારી જાતને બંધ કરી શકો. એને સમાહિત-ચિત્ત કહેવામાં આવે છે, એ જ ખરી શક્તિ છે અને ત્યારે જ તમે ગુણાતીત થઇ શકો છો.

प्रकाशञ्च प्रवृत्तिञ्च मोहमेव च पाण्डव ।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति ॥

અર્થાત્ હે પાંડવ! જે પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ પ્રાપ્ત કરવા છતાં દ્વેષ નથી કરતો તથા એની કામના નથી કરતો તેજ ગુણાતીત કહેવાય છે.

જપ, પ્રાણાયામ, સત્સંગ, સ્વાધ્યાય, દાન, તપ અને નિઃસ્વાર્થ સેવાદ્વારા મનને શુદ્ધ કરો. પછી એને ભગવાનમાં લગાડો. મનના પ્રવાહને આધ્યાત્મિક પ્રવાહ સાથે મેળવી દો. પછી સમાધિ આપોઆપ પ્રાપ્ત થશે જ.

મન ઘણુંજ શક્તિશાળી હોય છે. મન્ત્ર મનને શુદ્ધ કરે છે, વૈરાગ્ય ઉત્પન્ન કરે છે, વૃતિયોને અંતર્મુખી બનાવે છે. પ્રત્યેક મંત્રની શક્તિનો ઉત્પાદક એક દેવતા હોય છે, એક બીજ હોય છે જે એને વિશેષ શક્તિ આપે છે. ભાવસહિત મને એક ધ્યાનથી મંત્રનો જાપ સતત લાંબા વખત સુધી કરવાથી મંત્ર-ચૈતન્ય થાય છે અને પછી સાધકને મંત્રસિદ્ધિની પ્રાપ્તિ થાય છે. મંત્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક આધ્યાત્મિક પ્રવાહ હોય છે. મંત્ર સાધકના આત્માને એક કેન્દ્રમાંથી બીજામાં પહોંચાડે છે. બીજામાંથી ત્રીજામાં અને છેવટે લક્ષ્ય પ્રાપ્ત કરાવે છે.

જ્યારે કોઇ વખત તમે વધારે ખિન્ન હો, તમને વધારે ગમગીની જણાતી હોય, તમે અત્યંત પીડાતા હો ત્યારે દૃઢતાથી ચિંતન કરો કે તમે આનન્દથી પૂર્ણ આત્મા છો. વિષયોથી તેમજ સાંસારિક વિચારોથી મનને હઠાવો અને તેને આત્મામાં લગાડો. એક એકાન્ત કોટડીમાં પ્રવેશ કરો અને અનુભવ કરો–'હું આનન્દમય આત્મા છું' પછી દુઃખ કયાંથી રહેશે ? દુઃખનો સંબંધ મન સાથે છે. એ માનસિક સૃષ્ટિ છે. 'હું મનની ઉપર છું. આત્મા આનંદનો સિંધુ છે. આત્મા આનંદ, શક્તિ અને જ્ઞાનનો ભંડાર છે. હું અનુભવ કરૂં છું કે મનની પાછળ હું શુદ્ધ ચૈતન્યરૂપે છું. હું આત્મા છું, હું પૂર્ણાનંદ છું.' આ અભ્યાસથી તમને પ્રચુર સાહસ, શક્તિ અને આનન્દની પ્રાપ્તિ થશે.

ભાવના અને ધારણા માયા જાળ છે. એ આત્મામાં નથી હોતી; એ તો મનથી રચાએલી ભ્રમજાળ છે.

આપણે પાણીના પ્યાલામાં તેલનું એક ટીપું નાખીએ છીએ ત્યારે તે ચારે તરફ ફેલાઈ જાય છે અને પાણીને તેલમય કરી દે છે એ જ રીતે વિલાસી મનુષ્યને માટે જરા પણ કષ્ટ તેના બધા સુખોનો નાશ કરી દે છે અને તેની બધી સુખદ વસ્તુઓને અત્યંત દુઃખમય બનાવી દે છે. જે વખતે આપણે પીડિત હોઇએ છીએ ત્યારે ચ્હા, કોફી કે દુધનો પ્યાલો સુખ નથી આપતો.

બહાર કેવળ કંપન છે, કેવળ દૃશ્યમાત્ર છે. પ્રકૃત્તિ તો બિલ્કુલ આંધળી અથવા નિરપેક્ષ છે. એ તો વસ્તુઓ પ્રત્યે એક પ્રકારનો માનસિક વ્યવહાર છે જે આનંદ અને શોક, સુખ તથા દુઃખ આપે છે. તે દુઃખાત્મવાદી પોતાની માનસિક અવસ્થાને પરિવર્તિત કરી દે તો તેને સંસાર સુખમય જણાશે. જ્યારે તમે અત્યંત પીડાગ્રસ્ત હો છો ત્યારે જે બાહ્ય જગત્ તમારી સ્વસ્થદશામાં આનન્દમય લાગતું હતું તે બિલ્કુલ ભયાનક જણાવા લાગે છે. જ્યારે તમે અત્યંત વ્યથિત હો છો ત્યારે સંસારની સઘળી મનોહરતા ચાલી જાય છે.

મનનું અસ્તિત્વ 'અહં' નું કારણ છે, અને 'અહં' નું અસ્તિત્વ મનનું કારણ છે. 'અહં' મનની એક ભાવનામાત્ર છે. મન અને 'અહં' તદ્રુપ છે. જો 'અહં' લુપ્ત થઇ જાય તો મન પણ લુપ્ત થઇ જાય અને જો મન લુપ્ત થઇ જાય તો 'અહં' પણ લુપ્ત થઇ જાય. 'અહં' મનનું મૂળ અથવા બીજ છે, અને મન 'અહં' નું બીજ છે. મનને તત્વજ્ઞાનદ્વારા નષ્ટ કરો. 'અહં' ને સતત ગંભીર નિદિધ્યાસનથી નષ્ટ કરો. જ્યારે મન લુપ્ત થઇ જાય છે અથવા સંકલ્પ બંધ થઇ જાય છે ત્યારે નામરૂપનું અસ્તિત્વ નષ્ટ થઇ જાય છે. —ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર

## શ્રી ઉમાસ્વાતિ વાચકપ્રવર પ્રણીતમ્ શ્રીતત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ સ્વોપજ્ઞ-ભાષ્યેણ શ્રી સિદ્ધસેનગણિકૃતટીકયા ચ સમલંકૃતમ્ બીજો ભાગ. છઠ્ઠા અધ્યાયથી દશમા અધ્યાય સુધી સંપૂર્ણ.

આ બીજા ભાગમાં પ્રગટ કરવામાં આવેલ છે. શરૂઆતમાં પ્રસ્તાવના સંસ્કૃતમાં અને ઇનિટ્રોડકસન ઇગ્રેજી ભાષામાં વિસ્તારપૂર્વક બહુ જ જાણવા યોગ્ય આપેલ છે. પાછળના ભાગમાં સૂત્રાંક, સૂત્રપાઠ, અધિકારની અનુક્રમણિકા આપી અભ્યાસીઓને સરળતા કરી આપી છે, અને છેવટે શ્વેતાંબરીય, દિગંબરીય ગ્રંથોમાં કયા કયા સૂત્રપાઠોના ભેદ છે તે બતાવેલ છે. એકંદરે આ તત્ત્વજ્ઞાન ઉચ્ચ શ્રેણીના ગ્રંથની સંકલના ઉત્તમ પ્રકારે આ બંને ભાગમાં કરી સુંદર રીતે પ્રકટ કરેલ છે. કિંમત રૂ. ૬-૦-૦

મળવાનું સ્થળ-બડેખાં ચકલો—સુરત પ્રકાશક-ઝવેરી જીવનચંદ સાકરચંદ

શ્રેષ્ઠી દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધારના ૭૬ મા ગ્રંથ તરીકે પ્રકટ કરેલ છે.

---

**પ્રાકૃતભાષાની ઉપયોગિતા**-એક મનનીય નિબંધ. લેખક પંડિતજી **લાલચંદ્ર ભગવાનદાસ** તરફથી સમાલોચનાર્થે અમોને મળેલ છે. પંડિતજી લાલચંદભાઇ સંસ્કૃત, પ્રાકૃતભાષાના એક સારા વિદ્વાન છે. ઉપરોક્ત લેખ વાંચતાં અનેક ગ્રંથોનું અવલોકન કરી તેમાંથી અનેક સાધનો લઇ આ લેખમાં તેની વસ્તુસંકલના સુંદર રીતે કરી છે. પ્રાકૃતભાષાની ઉપયોગિતા, વ્યાપકતા તે ભાષાના કાવ્યોમાં રહેલી વિશિષ્ટતા, સુબોધતા, મહાપુરૂષોના વચનામૃતો, તેના કાવ્યની મધુરતા, મૃદુતા લાલિત્યતા, તેની વ્યુત્પત્તિ અને પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં મુખ્યતા કોની અને શેમાંથી કઇ ઉત્પન્ન થઇ છે ? તે સાથે અલંકાર નાટયશાસ્ત્રમાં પ્રાકૃતનું ઉચ્ચ સ્થાન, પ્રાકૃતભાષાના વ્યાકરણો, કોષો, છંદઃશાસ્ત્ર અને વર્તમાનમાં પ્રાકૃતભાષાની કદર એ તમામ હકીકતો અનેક પૂર્વાચાર્યોના ગ્રંથો અને ઇતિહાસ ઉપરથી પ્રાકૃતભાષાની ઉપયોગિતા સિદ્ધ કરવા પંડિતજીએ ઉત્તમ પ્રયત્ન સેવ્યો છે. પ્રાકૃતભાષાને પ્રાચીન અને સનાતન ભાષા નહિં માનનારાઓને આ નિબંધ ઘણો જ ઉપયોગી છે. અમો તેમના આ નિબંધને આવકારદાયક લેખીએ છીએ અને ભાષાના જિજ્ઞાસુઓને આ લઘુ લેખ વાંચી જવાની ભલામણ કરીએ છીએ.

---

**શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર**-આ સ્તોત્રના કર્ત્તા શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ છે કે જેમની વિદ્વતા અપૂર્વ હતી. આ સુંદર કાવ્યો શ્રી સમયસુંદરજીવૃત્તિ સમેત આ ગ્રંથમાં પ્રકટ કરવામાં આવેલ છે. તેના સંશોધક પ્રવર્તકજી મહારાજ **સુખસાગરજી મહારાજ** છે અને આચાર્યશ્રીમાન્ **કૃપાચંદજી** મહારાજના ઉપદેશથી ઝવેરી મુળચંદ હીરાચંદ ભગત-પાયધુની મહાવીર જિનમંદિર-મુંબઇ પ્રકાશક છે. સંસ્કૃતના અભ્યાસીઓને વૃત્તિ સહિત હોવાથી ઉપયોગી બનેલ છે. સુંદર ટાઇપ, સારા કાગળ ઉપર છપાયેલ છે. શ્રી જીનદત્તસૂરિ પુસ્તકોદ્ધાર ફંડનું ૩૦મું આ પુસ્તક છે.

For Private And Personal Use Only

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી ફક્ત નીચેનાજ સીલીકમાં છે.

**આ સભા તરફથી અત્યારસુધી કુલ ૧૬૦ ગ્રંથો વિવિધ સાહિત્યના પ્રસિદ્ધ થયાં છે, તેમાંથી સીલીક રહેલા મળતાં પુસ્તકો નીચે પ્રમાણે બે પાનામાં છે.**

*** ( સંસ્કૃત માગધી અને મૂળ ટીકાના ગ્રંથો )**

૨૩ સુકૃત રત્નાવલી ... ... ૦-૪-૦
૨૪ મેઘદૂત સમસ્યા લેખ ... ૦-૪-૦
૨૫ ચેતોદૂત ... ... ... ૦-૪-૦
૫૧ સુકૃત સંકીર્તનમ્ ... ... ૦-૮-૦
૫૬ કરુણા વજ્રાયુધં નાટક ... ૦-૪-૦
૫૯ કૌમુદી મિત્રાનંદમ્ ... ... ૦-૬-૦
૬૦ પ્રબુદ્ધ રોહીણેયમ્ ... ... ૦-૫-૦
૬૧ ધર્માભ્યુધ્યમ્ ... ... ૦-૪-૦
૬૪ સિદ્ધપ્રાભૃતં સટીકમ્ ... ૦-૫-૦
૬૬ બંધહેતૂદય ત્રિભંગી પ્રકરણમ્... ૦-૧૦-૦
૬૭ ધર્મ પરીક્ષા ... ... ૧-૦-૦
૬૯ ચેઇયવંદણ મહાભાસં ... ૧-૧૨-૦
૭૦ પ્રશ્નપદ્ધતિ ... ૦-૨-૦
૭૨ યોગદર્શન તથા યોગવિંશિકા... ૧-૮-૦
૭૩ મંડલ પ્રકરણ ... ... ૦-૪-૦
૭૪ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણમ્ ... ૦-૧૨-૦
૭૫ ચન્દ્રવીરશુભા-ધનધર્મ સિદ્ધદત્ત કપિલ-સુમુખ નૃપાદિ મિત્ર ચતુષ્ક કથા ચતુષ્ટયમ્ ... ... ૦-૧૧-૦
૭ જૈન મેઘદૂતમ્ ... ... ૨-૦-૦
૭૭ શ્રાવક ધર્મ વિધિપ્રકરણમ્ ... ૦-૮-૦
૭૮ ગુરૂતત્વ વિનિશ્ચય ... ૩-૦-૦
૭૯ ઐંદ્ર સ્તુતિ ચતુર્વિંશતિકા ... ૦-૪-૦
૮૦ વસુદેવહિંડી પ્રથમ ખંડ ... ૩-૮-૦
૮૧ વસુદેવહિંડી પ્રથમ ખંડ દ્વિતીય અંશ ... ... ૩-૮-૦
વસુદેવહિંડિ દ્વિતીય ખંડ છપાય છે.
શ્રી બૃહત્કલ્પ સૂત્રમ્ પ્રથમ ખંડ. ,,
શ્રી બૃહત્કલ્પ સૂત્રમ્ દ્વિતીય ખંડ, ,,
કર્મગ્રન્થ. ,,

**( પ્રવર્તક શ્રી કાંતિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથો. )**

૫ દ્રૌપદીસ્વયંવરમ્ ... ... ૦-૪-૦
૬ પ્રાચીન જૈનલેખ સંગ્રહ ભાગબીજો ૩-૮-૦
૭ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય ... ... ૨-૧૨-૦

**( અન્ય ગ્રંથો )**

અનુત્તરોવવાઇ સૂત્ર. ... ૦-૬-૦
નયોપદેશ ... ... ૧-૦-૦
ગાંગેયભંગ પ્રકરણમ્ ... ૦-૪-૦

**( ગુજરાતી. )**

તત્વનિર્ણયપ્રાસાદ ... ... ૧૦-૦-૦
આત્મવલ્લભ પૂજા સંગ્રહ ... ૧-૮-૦
પંચ પ્રતિક્રમણ મૂળ ... ૦-૮-૦
પંચ પ્રતિક્રમણ વિધિયુક્ત ... ૦-૧૦-૦
દેવસીરાઇ પ્રતિક્રમણ મૂળ ... ૦-૩-૦
(પાઠશાળા માટે સો નકલના ). ૧૨-૮-૦
દેવવંદન માળા .. ... ૧-૦-૦
પૂજા સંગ્રહ ભાગ ૧ થી ૪ ... ૨-૦-૦
જૈન ગીતા ... ... ૧-૦-૦
નવપદ ઓળી વિધિ ... ૦-૧૨-૦
શ્રીપાળ રાજાનો રાસ ... ૩-૦-૦
સતર ભેદી પૂજા હારમોનીયમ..
નોટેસન સારીગમ સાથે ... ૦-૪-૦
પ્રમેયરત્નકોષ ... ... ૦-૮-૦
સજ્જન સન્મિત્ર ... ૪-૦-૦
નવતત્વ અને ઉપદેશ બાવની ( પ્રો. હીરાલાલ રસિકલાલ ) ૪-૦-૦
જૈનભાનુ ... ... ૦-૮-૦
વિમળ વિનોદ ... ... ૦-૧૦-૦
વિશેષ નિર્ણય ... ... ૦-૪-૦
ચૌદ રાજલોક પૂજા ... ૦-૧-૦
સો નકલના ... ... ૫-૦-૦
સમ્યકત્વ દર્શન પૂજા સો નકલના ૫-૦-૦
અવિદ્યા અંધકારમાર્તંડ ... ૦-૪-૦
શ્રી નવપદ પૂજા ગંભીર વિ. કૃત ૦-૨-૦

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

* નંબરવાળા ગ્રંથો સભાએ પ્રકટ કરેલ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *ગુજરાતી–ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતાં ગ્રંથોનું લીસ્ટ. )

૧ શ્રી જૈનતત્ત્વાદર્શ ... ... ૫–૦–૦
૨ શ્રી નવ તત્ત્વનો સુંદર બોધ ... ૦-૧૦-૦
૪ શ્રી જીવવિચાર વૃત્તિ ... ૦–૬–૦
૮ શ્રી દંડક વૃતિ ... ... ૦–૮–૦
૯ શ્રી નયમાર્ગદર્શક ... ૦-૧૦-૦
૧૦ હંસ વિનોદ ... ... ૦-૧૨-૦
૧૨ કુમાર વિહારશતક ... ૧–૮–૦
૧૩ શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર ૦–૮–૦
૧૪ શ્રી જૈન તત્ત્વસાર મૂળ તથા ભાષાંતર ... ... ... ૦–૬–૦
૧૬ શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી ... ... ૦–૬–૦
૧૭ શ્રી મોક્ષપદ સોપાન ... ૦-૧૨-૦
૧૮ ધર્મબિન્દુ આવૃતિ બીજી ... ૨–૦–૦
૧૯ શ્રી પ્રશ્નોતર પુષ્પમાળા ... ૦-૧૪-૦
૨૧ શ્રી શ્રાવક કલ્પતરૂ ... ... ૦–૬–૦
૨૨ શ્રી આત્મપ્રબોધ ... ૨–૮–૦
૨૬ જૈન ગ્રંથ ગાઇડ ... ... ૧–૦–૦
૨૭ શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) ... ... ૦–૮–૦
૨૮ શ્રી તપોરત્ન મહોદધિ ભા ૧–૨ ૧--૦- ૦
૨૯ શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ ... ૦–૪–૦
૩૧ શ્રી ચંપકમાળા ચરિત્ર ... ૦–૮–૦
૩૩ સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર ... ૧–૦–૦
૩૪ શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) ... ... ૦–૮–૦
૩૬ શ્રી અધ્યાત્મમત પરીક્ષા ... ૦--૪--૦
૩૭ શ્રી ગુરૂ ગુણમાળા ... ૦–૬–૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી... ૦--૫–૦
૪૦ શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ ... ૦-૮--૦
૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ... ૧--૦--૦
૪૪ શ્રી પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા ૧–૮–૦
૪૫ સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા ... ... ... ૧–૦--૦
૪૬ શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર ... ૨--૦--૦
૪૭ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા ૧લો ૨--૦--૦
૪૮ આદર્શ જૈન સ્ત્રી રત્નો ... ૧--૦--૦
૪૯ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાર જો ૨--૮--૦
૫૦ શ્રીદાનપ્રદીપ ... ... ૩–૦–૦
૫૧ શ્રીનવપદજી પૂજા (અર્થ સહીત) ૧–૪–૦
૫૨ કાવ્ય સુધાકર ... ... ૨–૮–૦
૫૩ શ્રી આચારોપદેશ ... ... ૦–૮–૦
૫૪ ધર્મરત્ન પ્રકરણ ... ... ૧--૦–૦
૫૫ શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર (અર્થ સહિત ) શાસ્ત્રી ... ... ૧-૧૨-૦
૫૬ શ્રી આત્મવિશુદ્ધિ ... ... ૦–૬–૦
૫૭ કુમારપાળ પ્રતિબોધ ... ૩-૧૨-૦
૫૮ જૈન નરરત્ન " ભામાશા "... ૨–૦–૦
૫૯ આત્માનન્દ સભાની લાઇબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ ... ... ૦-૧૪-૦
૬૦ શ્રી વિમલનાથ ચરિત્ર ... ૧-૧૧-૦
૬૧ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ... ૧-૧૨-૦
૬૨ શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર ... ૧–૦–૦
૬૩ ધર્મ પરીક્ષા ... ... ૧–૦--૦
૬૪ શ્રી પ્રભાવક ચરિત્ર ... ૧–૮–૦
શ્રી મહાવીરસ્વામી ચરિત્ર છપાય છે.
સતી સુરસુંદરી ચરિત્ર
શ્રી પંચપ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત ( ગુજરાતી ) "
શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત ( ગુજરાતી ) "

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

* બીજા નવા ગ્રંથો પ્રેસમાં છે અને અમુક ગ્રંથોની યોજના શરૂ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાઇફ મેમ્બર.

## -આ સભાનાં લાઇફમેમ્બર સાહેબોને થતો અપૂર્વ ગ્રંથોનો લાભ-

કોઇપણ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઇ શકે છે.

એક સાથે રૂા ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઇ શકે છે. તેઓશ્રીને સીલીકમાં હોય તે ધારા પ્રમાણે આગલા તથા તે પછી છપાતા કોઇપણ ગ્રંથ અને માસિક ભેટ આપવામાં આવે છે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઈ શકે છે.

એક સાથે રૂા ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકે છે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બરોના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે. ઉપરાંતની કિંમત લઇ ભેટ મળી શકે છે, તેમજ આત્માનંદ પ્રકાશ માસિક પણ તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવે છે.

---

# સ્ત્રી ઉપયોગી વાંચનમાળાની યોજના.

## અમારૂં સીરીઝ ગ્રંથમાળા ખાતું.

એક હજાર કે તેથી વિશેષ રકમ આપનાર જૈન બંધુઓ કે બ્હેનોના નામે ઉત્તરોત્તર અનેક ગ્રંથો પ્રકટ કરી જ્ઞાનોદ્ધાર યાને જ્ઞાનભક્તિનું કાર્ય, સભા, ( સાથે તે રકમ આપનાર પણ અનેક બંધુઓ તેનો લાભ લઇ ) કરી રહેલ છે. સાથે અનેક સાહિત્યના ગ્રંથો પણ સભા પ્રગટ કરી રહેલ છે. આ સભાના લાઈફ મેમ્બરોને પણ અનેક સુંદર મ્હોટા ગ્રંથોનો ( કંઇપણ બદલો લીધા વગર ) લાભ મળી રહેલ છે. તે રીતે કોઇપણ સંસ્થા કરી શકેલ નથી જે સાહિત્યરસિક સર્વ બંધુઓ જાણે છે.

અત્યારસુધી અનેક જૈન બંધુઓ તેવી રકમ સભાને સુપ્રત કરી પોતાના નામથી ગ્રંથમાલા પ્રકટ કરાવી જ્ઞાનભક્તિ કરી રહેલ છે, તેનું શુભ અનુકરણ કરી હાલમાં **શ્રીમતી કસ્તુર બ્હેને** પણ એક રકમ તે માટે ( સ્ત્રી ઉપયોગી સીરીઝ પ્રગટ કરવા ) આ સભાને સુપ્રત કરેલ છે; તેમાંથી ઉત્તરોત્તર સ્ત્રી ઉપયોગી (સતી ચરિત્રો, સ્ત્રી ઉપયોગી વિષયોના ) ગ્રંથો પ્રકટ કરવાનું આ સભાએ શરૂ કરેલ છે. તેવી રીતે અન્ય બ્હેનોએ પણ જ્ઞાનભક્તિ અને ઉદ્ધાર કરી લાભ લેવાનો છે. સીરીઝના ધારાધોરણ બીજા પેજ ઉપર છે. આ લાભ દરેક જૈનબંધુઓ અને બ્હેનોએ લેવા જેવો છે.

સ્વર્ગવાસી આપ્તજનોના સ્મરણાર્થે ને ભક્તિ સાથે જ્ઞાનની સેવા કરવાનું ને સ્મરણ સાચવવાનું આ અમૂલ્ય સાધન છે-અમરનામ કરવાનું પણ સાધન છે.

**કોઇ પણ સ્થળે પૂરતી ખાત્રી કર્યા સિવાય લખાણ કે બીજાથી લલચાઈને રકમ આપતાં પહેલાં અવશ્ય વિચારવાનું છે.** **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારાં પ્રકાશનો—

**વાંચનમાળાના વાર્ષીક ગ્રાહકોને સં. ૧૯૭૯ થી સં. ૧૯૮૮ સુધીમાં અપાયેલાં લગભગ ૩૫ પુસ્તકોમાંથી હાલમાં નીચેના પુસ્તકો મળી શકશે.**

૧ શ્રી આદીનાથ ચરિત્ર ભાષાંતર ૧–૮–૦
૨ શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથ ચરિત્ર ૧–૪-૦
૩ બપભટ્ટસૂરિ અને આમરાજા ભા. ૨ જો ૦-૧૨-૦
૪ સદ્‌ગુણી સુશીલા ૧–૦–૦
૫ શ્રી અજારા પાર્શ્વનાથ ચરિત્ર ૧–૪–૦
૬ શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ ૧–૪–૦
૭ વિમલ મંત્રીનો વિજય ૧–૮–૦
૮ શ્રી ગીરનારજી તિર્થનો ઇતિહાસ દરેક ટુંકના ફોટા સાથે ૧–૪–૦
૯ સ્થુલીભદ્રની નૌકા ૧–૪–૦
૧૦ ચંપકશ્રેષ્ઠીની કથા ૧–૪–૦
૧૧ ચિત્રસેન પદ્માવતી ૦-૧૨-૦
૧૨ કીર્તીશાળી કોચર ૦–૮–૦
૧૩ જૈન સતી રત્નો સચિત્ર ૧-૦–૦
૧૪ પ્રતિભાસુંદરી યાને પૂર્વકર્મનું પ્રાબલ્ય [ સ્ત્રીઓને ખાસ વાંચવા લાયક ] ૧–૪–૦
૧૫ શ્રી ચંદ્રકુમાર ચરિત્ર ભાગ ૧ લો ૧–૦–૦
૧૬ ,, ભાગ ૨ જો ૧–૪–૦
૧૭ પ્રત્યેક બુધ્ધ ચરિત્ર યાને ચમત્કારીક યોગ ૧–૪–૦

## બીજા અમારાં પ્રકાશનો—

૧ કચ્છ ગિરનારની મહાયાત્રા–કચ્છથી ગીરનાર સુધીના દરેક ગામની ઇતિહાસીક નોંધ. લગભગ ૩૦ ફોટા સાથે ૧-૧૨-૦
૨ વિધિયુક્ત પંચ પ્રતિક્રમણ મોટા અક્ષર શુધ્ધ છપાઇ પાકુ બાઈન્ડીંગ ૦-૧૨-૦
૩ ,, દેવસીરાઇ પ્રતીક્રમણ ૦–૬–૦
૪ પંચપ્રતિક્રમણ મોટી સાઇઝ ૦–૮–૦
૫ પંચપ્રતિક્રમણ પોકેટ સાઈઝ રેશમી પાકુ પુંઠું ૦–૮–૦
૬ સ્તવનસંગ્રહ અને સ્મરણમાળા ૦–૮–૦
૭ જૈન નિત્ય પાઠ સંગ્રહ ૦–૬–૦
૮ શ્રીશત્રુંજય તિર્થયાત્રા વિચાર ૦–૮–૦
૯ સઝાયમાલા [ ચુંટી કાઢેલી ચાલુ ઉપયોગી સઝાયોનો સંગ્રહ પાકુ પુંઠું ] ૦–૮–૦
૧૦ જૈન તિર્થમાલા ૦–૮–૦
૧૧ દેવસીરાઇ પ્રતિક્રમણ ૦–૩–૦

**લખો—જૈન સસ્તી વાંચનમાળા—પાલીતાણા ( કાઠીયાવાડ )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારે ત્યાંથી સસ્તાં મળી શકે તેવાં રોજનાં ઉપયોગી અને બીજા વાંચવા લાયક પુસ્તકો.

| | |
|---|---|
| ૧ દેવવંદનમાળા ગુજરાતી પાકુ પુંઠું | ૧—૦—૦ |
| ૨ વીવીધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૪ | ૧—૪—૦ |
| ૩ ચૈત્યવંદન પર્વાદિ સંગ્રહ ( લાભશ્રીજીનું ) | ૧—૦—૦ |
| ૪ ,, [ સૌભાગ્યશ્રીજીનું ] | ૦-૧૨-૦ |
| ૫ જીવવિચાર. નવતત્વ દંડક લઘુ સંઘયણી અર્થ સાથે | ૦—૬—૦ |
| ૬ ધર્મવીરજયાનંદ ભા. ૧—૨ પાકું પુંઠું | ૩—૦—૦ |
| ૭ વિદ્યાચંદ્ર સુમતી સચિત્ર | ૧—૪—૦ |
| ૮ સમરાદિત્ય ચરિત્ર | ૧—૪—૦ |
| ૯ પ્રાચીન સ્તવન સઝાય સંગ્રહ | ૧—૦—૦ |
| ૧૦ ભાગ્યવાન ભામાશા | ૧—૪—૦ |
| ૧૧ અર્પણ [ રસભરી ઈતીહાસીક કથાઓ ] | ૦-૧૦-૦ |
| ૧૨ જગતશેઠ | ૦-૧૨-૦ |
| ૧૩ દેવસીરાઈપ્રતીક્રમણ અર્થસાથે | ૦—૮—૦ |
| ૧૪ પંચપ્રતિક્રમણ અર્થ સાથે મોટું | ૧—૪—૦ |
| ૧૫ પ્રકરણ રત્ન સંગ્રહ [ દરેક પ્રકરણો શાસ્ત્રી મોટા ટાઈપ ] | ૦-૧૨-૦ |
| ૧૬ શ્રી શત્રુંજયતિર્થ સ્તવનાવળી | ૦—૩—૦ |
| ૧૭ નુતન સ્તવનાવળી પાકુ પુંઠું | ૦—૪—૦ |
| ૧૮ વીસસ્થાનક તપ વિધિ અને આનંદઘન ચોવીશી અર્થ સાથે | ૧-૧૨-૦ |
| ૧૯ શ્રીપાળરાજાનો રાસ સચિત્ર | ૨—૮—૦ |
| ૨૦ ધન્નાશાળીભદ્રનો રાસ સચિત્ર | ૦-૧૦-૦ |
| ૨૧ જૈન મહાભારત સચિત્ર | ૩—૦—૦ |
| ૨૨ સમરાદિત્ય ચરિત્ર સચિત્ર | ૨—૮—૦ |
| ૨૩ ચંદરાજાનું ચરિત્ર સચિત્ર | ૨—૦—૦ |
| ૨૪ મોટી બેન-માયાળુ માધવી | ૧—૪—૦ |
| ૨૫ ઉત્તમ કુમાર ચરિત્ર સચિત્ર | ૧—૪—૦ |
| ૨૬ દાનવીર રત્નપાળ ,, | ૧—૦—૦ |
| ૨૭ રાજકુમારી સુદર્શના ,, | ૨—૮—૦ |
| ૨૮ મહાવીર ભકત મણીભદ્ર ,, | ૧—૪—૦ |
| ૨૯ કલ્પસુત્ર ભાષાંતર સચિત્ર | ૩—૦—૦ |
| ૩૦ દર્શન ચોવીશી | ૦—૫—૦ |
| ચંદ્રશેખર ભા. ૧—૨ | ૧—૮—૦ |
| ૩૧ કર્મ પરિક્ષા | ૧—૮—૦ |
| ૩૨ સઝાયમાળા ભા. ૧ થી ૪ | ૫—૮—૦ |
| ૩૩ શ્રી પુંડરીક સ્વામી ચરિત્ર સચિત્ર | ૨—૦—૦ |
| ૩૪ શ્રી તીર્થંકર ચરિત્ર સચિત્ર | ૨—૦—૦ |
| ૩૫ અભયકુમાર ભા. ૧—૨—૩ | ૩—૮—૦ |
| ૩૬ જૈન વાર્ષિક પર્વો | ૨—૦—૦ |
| ૩૭ શ્રી આચારંગ સુત્રનાં બાવીશ મનનીય વ્યાખ્યાનો | ૨—૦—૦ |
| ૩૮ જૈન સિદ્ધાંતની વાર્તા ભાગ ૧—૨ | ૧—૨—૦ |
| ૩૯ જૈન સાહિત્યની કથાઓ ભાગ ૧—૨ | ૦—૧૦—૦ |

લખો—જૈન સસ્તી વાંચનમાળા—પાલીતાણા ( કાઠીયાવાડ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ઉપયોગી ખાસ વાંચવા લાયક ઘરમાં વસાવવા જેવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | મહિલા મહોદય ભા. ૧-૨ | ૩-૦-૦ |
| ૨ | જૈન સતીરત્નો સચિત્ર | ૧-૦-૦ |
| ૩ | મલયા સુંદરી ચરિત્ર | ૧-૪-૦ |
| ૪ | રાજકુમારી સુદર્શના | ૨-૦-૦ |
| ૫ | પ્રતિભાસુંદરી | ૧-૪-૦ |
| ૬ | સદ્દગુણી સુશીલા | ૧-૦-૦ |
| ૭ | ચંપકશ્રેષ્ઠી કથા | ૧-૪-૦ |
| ૮ | ચિત્રસેન પદ્માવતી | ૦-૧૨-૦ |
| ૯ | મહાવીરભક્ત માણીભદ્ર | ૧-૪-૦ |
| ૧૦ | પાક પકવાન શાસ્ત્ર | ૨-૦-૦ |
| ૧૧ | જૈન સતીમંડળ ભા. ૧-૨ | ૨-૮-૦ |

## પ્રભાવના કરવા લાયક બાળકોપયોગી ધાર્મિક વાંચનના અને અભ્યાસનાં પુસ્તકો.

## ધાર્મીક-માંગલીક પ્રસંગમાં વેંચવા માટે મંગાવી રાખવાં સારા છે.

| | | સો નકલનાં |
|---|---|---|
| સામાયિક સૂત્ર વિધિ સાથે. | ૦)- | ૩ાા |
| ચૈત્યવંદન-ગુરૂવંદન. | ૦)- | ૩ાા |
| જિનેંદ્ર સ્તુતિ. | ૦)-ા | ૪) |
| રત્નાકર પચ્ચીશી. | ૦)૦ાા | ૩) |
| સ્નાત્રપૂજા અને અષ્ટ પ્ર. પૂજાના દોહા | ૦)૦ાા | ૨) |
| જૈન નિત્ય પાઠ સંગ્રહ નાની. | ૦)≋ | ૧૨ાા |
| આત્મવીરની કથાઓ. | ૦ા | ૧૫ |
| મહાસતી ચંદનબાળા. | ૦)= | ૫) |
| શ્રાવકના બારવ્રતની ટીપ. | ૦)- | ૩) |
| શત્રુંજય તીર્થોધ્ધાર રાસ. | ૦)-ાા | ૫) |
| જૈન માંગલીક ગીત. | ૦)-ાા | ૫) |
| સ્થાપનાજી (શ્રી નવપદ મંડળના ફોટા સાથે પાકુ પુંઠું). | ૦)- | ૪) |
| ગુંહલી સંગ્રહ અને સજ્ઝાયો. | ૦)≋ | ૧૨ાા |
| અક્ષયનિધિ તપની વિધિ. | ૦)- | ૨ાા |
| શત્રુંજય લઘુકલ્પ. | ૦)- | ૪) |
| ક. ગી. ની યાત્રાનો રાસ. | ૦)- | ૨ાા |
| મહાસતી સીતા. | ૦)- | ૩) |
| ,, મૃગાવતી. | ૦)૦ાા | ૨ાા |
| ,, રાજેમતી. | ૦)૦ાા | ૨ાા |
| ,, સુલસા | ૦)૦ાા | ૨ાા |
| સવા-સોમા. | ૦)૦ાા | ૨) |
| સુધારસ સ્તવન સંગ્રહ. | ૦)- | ૪) |
| પૂજામાં ગવાતા રસીક ગાયનો. | ૦ા | ૧૨ાા |
| દંપતી જીવન દીપિકા. | ૦)≋ | ૧૨ાા |
| ખંભાતનો ઇતિહાસ અને ચૈત્યપરિપાટી. | ૦ા | ૧૫ |
| સુંદર બાલવચનામૃત. | ૦ા | ૧૫ |
| સમાધિ વિચાર. | ૦)-ાા | ૬ા |

આ સિવાય દરેક જૈન સંસ્થાના પુસ્તકોનો મોટો સ્ટોક અમારે ત્યાં રહે છે.

જૈનેતર સાહિત્યનાં સારાં નોવેલ જ્ઞાન સાથે ગમત આપનારાં પુસ્તકો—

કલકતાના સુંદર રંગીન લગભગ પંદર જાતના ફોટાઓ--

સંસ્કૃત પ્રતો, **જ્યોતિષનાં** પુસ્તકો અને **શાળાઓમાં** ચાલતાં ધાર્મીક અભ્યાસનાં પુસ્તકો માટે અમારૂ સુચીપત્ર મંગાવો, અને આ લીસ્ટમાંથી આપને જોઇતાં પુસ્તકો વગર વિલંબે મંગાવો—

**લખો—જૈન સસ્તી વાંચનમાળા—પાલીતાણા (કાઠીયાવાડ)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

## સામાયિક ચૈત્યવંદન સૂત્ર–શબ્દાર્થ–ભાવાર્થ–અન્વયાર્થ સહિત.

બાળઅભ્યાસીઓને પોતાના અભ્યાસમાં બહુ જ સરલ પડે તેવી રીતે આ બુકમાં આપવામાં આવેલ છે.

સામાયિક સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં કેટલીક વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં પરંતુ શ્રીમતી જૈન કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડના ધાર્મિક અભ્યાસક્રમમાં દાખલ કરેલ ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ વગેરે પણ આ બુકના પાછળના ભાગમાં પૂરવણી તરીકે આપવામાં આવેલ છે, કે જેથી આ બુક પ્રમાણે સામાયિકસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઆને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુક તૈયાર કરવામાં આવી છે. આ બુકની કિંમત માત્ર નામની જ રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઇને જ છે. મંગાવો—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહકોને—

અમારાં વાર્ષિક ગ્રાહકોને દર વરસે રૂા. ૩) માં એક હજાર ઉપરાંત પાનાનાં ઐતિહાસિક નવીન પુસ્તકો નિયમિતપણે સં. ૧૯૭૯ થી સં. ૧૯૮૮ સુધી અપાયાં છે. દરેક વખતે માગશરથી મહામાસ સુધીમાં મોકલવામાં આવતાં હતાં, જે હવેથી અષાડી પછી એટલે અષાડ વદીમાં મોકલવાનું થશે.

ચાલુ સાલમાં નીચેના પુસ્તકો ગ્રાહકોને મળશે જે છપાઇને વૈશાખ માસમાં તૈયાર થશે. ગ્રાહક પુરતી નકલ છપાતી હોવાથી તેમજ ચાલુ સાલનાં પુસ્તકો ઘણાં જ રસિક અને નવીન હોવાથી શીલીકમાં રહેવા સંભવ નથી. માટે નવા ગ્રાહક થનારે દાખલ ફીના રૂા. ૦-૮-૦ વેળાસર મોકલવા—

૧ અમર બલિદાન યાને શત્રુંજયના શહિદો.
૨ શ્રી મહાવીર અને શ્રેણિક.
૩ જાવડશાહ.
૪ તરંગવતી તરંગલોલા,

ચારે પુસ્તકો લગભગ ૧૧૦૦ પાનાનાં પાકા પુંઠાનાં છુટક કિંમતે રૂા. ૫) ની કિંમતનાં થશે જે ગ્રાહકોને રૂા. ૩) માં મળે છે. પોસ્ટ વી. પી. ખર્ચ અલગ. કોઇપણ જાતના દરેક સંસ્થાના પુસ્તકો અમારે ત્યાંથી કીફાયત ભાવે મળશે.

લખોઃ—**જૈન સસ્તી વાંચનમાળા,—પાલીતાણા**—( કાઠીયાવાડ. )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૯. ચૈત્ર. આત્મ સં. ૩૭. અંક ૯ મો.

## ખાદીને અપનાવો

જે માણસને કામ કરવું નથી, પણ ફક્ત બજારમાંથી ખરીદી કરવી છે, તેને મિલના કાપડ કરતાં ખાદીની કિંમત બમણી લાગે છે. પણ જ્યાં કપાસ જોઇએ તેટલો મળે છે, જ્યાં તેનો સંઘરો કરાય છે, અને જ્યાં હાથે કંતાય વણાય છે, ત્યાં મીલના કાપડ કરતાં ખાદી જરૂર સસ્તી પડે છે. ખાદીનું આ હાર્દ માણસોનાં મનમાં ઉતારવા પ્રયત્ન કરવો જોઇએ, કારણકે પરાધીન જીવન એ મૃત જીવન છે, જ્યારે સ્વતંત્ર જીવન જોમવાળું, બળવાન અને તાઝગીભર્યું જીવન છે. એ જોમ, બળ અને તાઝગી માણવા હોય, સ્વતંત્ર જીવન જીવવું હોય, તો ખાદીને અપનાવો.

શ્રી. કે. સુબારાયન.

For Private And Personal Use Only